શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

સદ્‌વિદ્યા પ્રવર્તાવો પૃથ્વી પરે...

ગુરુકુલ દર્શન

વર્ષ-૯ • અંક-૩ • માર્ચ - ૨૦૧૭
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા
મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામના
પ્રાગટ્ય મહોત્સવ પ્રસંગે કોટિ કોટિ વંદન...

સુરત તથા રાજકોટ ખાતે આયોજિત અ.નિ. સદ્‌ગુરુ શ્રીહરિદાસજી સ્વામીની શ્રદ્ધાંજલિ સભામાં ઉપસ્થિત સંતો તથા ભક્તજનો

દ્રોણેશ્વર ગુરુકુલ દર્શને પધારેલા
પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઇ પટેલ

સમાવર્તન સમારોહ પ્રસંગે પૂજ્ય સ્વામીજી સાથે
દર્શનમ્‌ના ઋષિકુમારો તથા શિક્ષકો

૨૧ કુંડી શ્રી મહાવિષ્ણુયાગ પ્રસંગે
ઉપસ્થિત સદ્‌ગુરુ સંતો તથા ભક્તજનો, દ્રોણેશ્વર ગુરુકુલ

પ્રથમ વાર્ષિકોત્સવ પ્રસંગે
ઉપસ્થિત વાલીશ્રીઓ તથા ભક્તજનો, દ્રોણેશ્વર ગુરુકુલ

પ્રથમ વાર્ષિકોત્સવ પ્રસંગે વિવિધ પ્રોજેક્ટ રજુ કરતા વિદ્યાર્થીઓ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરતી બાળાઓ, દ્રોણેશ્વર ગુરુકુલ

ગુરુકુલ દર્શન

-: સંસ્થાપક :-

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૯, માર્ચ : ૨૦૧૭, અંક : ૩

પ્રકાશક	: પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
તંત્રી	: પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક	: શાસ્ત્રી શ્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
કલા સંયોજન	: હરિકૃષ્ણ ગ્રાફિક્સ
તસ્વીર	: જી. વિઝન
મુદ્રક	: સૂર્યા ઓફસેટ

છુટક અંક	: રૂ. ૫/-
પંચ વાર્ષિક લવાજમ	: રૂ. ૨૫૦/-
૨૫ વર્ષ લવાજમ	: રૂ. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષ લવાજમ	: $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર

'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

SwaminarayanGurukul
GurukulParivar

આજ સખી ઘનશ્યામ, જોયા જમુના તીરે રે...

આજ સખી ઘનશ્યામ,
જોયા જમુના તીરે રે,
સંત સખાની મંડળી,
કરે જળમાં ક્રીડા રે,
જોતાં ટાળે જીવની,
પરલોકની પીડા રે ...આજ...૧

કાંઠડે ઊભી કામિની,
ભૂલી ભરવું પાણી રે,
રૂપ જોઈ રંગ છેલનું,
એક ટગ લખાણી રે ...આજ...૨

સખી એ સુખની વારતા,
જન જોઈને જાણે રે,
વણ દીઠે વ્રજરાજને,
કથાંથી ધ્યાનમાં આણે રે ...આજ...૩

મળ્યા પ્રગટ માવજી,
રસ પૂરણ પીધો રે,
દેવાનંદ કે દેખતા,
જનમ સુફળ કીધો રે ...આજ...૪

- સદ્‌ગુરુ દેવાનંદ સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણ એક અનોખું વ્યક્તિત્વ

- સાધુ યજ્ઞવલ્લભદાસ

ધન્ય હો... ધન્ય હો... ધન્ય હો...

ભગવાન શ્રી સ્વામિનારાયણને!

જેમણે વિષમ કળિયુગમાં સત્યુગની સ્થાપના કરી, તપતા હૈયામાં હાશ પ્રગટાવી, કાળ-કર્મ-માયાના બંધનમાં સબડતા જીવોને મુક્તિ અર્પી જન્મ-મરણરૂપી બંધનનાં ચક્રવાતમાંથી છોડાવ્યા. પંચવિષયના રસ અને રાગમાં રાચતા લોકોને અમૃત ધામના દિવ્ય સુખના ભોક્તા બનાવ્યા.

સંવત્ ૧૮૩૭ ચૈત્ર સુદ નવમી, સોમવારની રાત્રિના દસ કલાક અને દસ મિનિટે રસઘનમૂર્તિ અક્ષરાતીત પુરુષોત્તમે આ ધરાને સનાથ બનાવી. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી તો ગાઈ ઊઠ્યા...

આનંદ આપ્યો અતિ ઘણો રે;
આ સમામાં અલબેલ, પુરુષોત્તમ પ્રગટી રે...
અમૃતના સિંધુ ઊલટ્યા રે;
રંગડાની વાળી છે રેલ, પુરુષોત્તમ પ્રગટી રે...

અવતાર તત્ત્વને જાણનારા મહાપુરુષો કહે છે કે, "સામાન્ય માનવ અને માનવ રૂપે રહેલા ભગવાન વચ્ચે ભારે ભેદ હોય છે."

ભગવાન શ્રીકૃષ્ણ ગીતાજીમાં કહે છે,

"अजोऽपि सन्नव्ययात्मा भूतानामीश्वरोऽपि सन्।
प्रकृतिं स्वामधिष्ठाय संभवाम्यात्ममायया ॥"

'જીવ-પ્રાણીમાત્ર પ્રકૃતિને આધીન થઈ જન્મે છે અને મરે છે, જ્યારે હું અજન્મા છું, અવિનાશી છું, સર્વ ભૂત-પ્રાણીમાત્રનો ઈશ્વર છું, છતાં મારી પ્રકૃતિને આધીન કરીને યોગમાયાથી અવતાર ધારણ કરું છું.'

મનુષ્ય અલ્પજ્ઞ છે જ્યારે પરમાત્મા કોઈપણ અવતાર સ્વરૂપમાં સર્વજ્ઞ હોય છે. તેઓ બધું જ જાણતા હોય છતાં અજ્ઞાની માનવની પેઠે જ લીલા કરતા હોય છે, પરંતુ સમયે સમયે એમનું સર્વજ્ઞત્વ પ્રગટ્યા સિવાય રહેતું નથી.

ભગવાન ભલેને ભગવાન હોય, ઐશ્વર્યનો મહાસાગર હોય, પણ મનુષ્યશરીર ધારણ કરીને આવે છે, ત્યારે એમને ઓળખવા ભારે દુષ્કર હોય છે. ઈતિહાસમાં ડોકિયું કરીએ તો જણાઈ આવે કે ભગવાન શ્રીરામને કેટલા ઓળખી શક્યા હતા... ? ભગવાન શ્રીકૃષ્ણને કેટલાયે ભગવાન જાણ્યા હતા... ? સરવાળો ખૂબ નાનો થાય છે!

ભગવાનના અવની ઉપર પધાર્યા પછી જીવોએ પણ

એ ભગવાન સુધી પહોંચવું પડે છે. જો જીવ ભગવાનની નજીક જાશે તો ભગવાનનું ભગવાનપણું નિશ્ચય જણાઈ આવશે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે, "ભગવાન પૃથ્વી ઉપર અવતાર ધારણ કરીને આવે છે ત્યારે રાજા રૂપે આવે છે કાં સાધુરૂપે આવે છે. રાજા રૂપે આવેલા ભગવાન ચોસઠ કળાએ યુક્ત હોય અને ભગવાન જ્યારે સંતરૂપે અવની ઉપર પધારે છે ત્યારે સર્વ સાધુતાના જે ગુણ; તેને ધારણ કરી અનંત જીવોનું કલ્યાણ કરે છે."

ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ સંતરૂપે પધાર્યા હતા અને મુમુક્ષુઓના કલ્યાણ અને પોષણને માટે સાધુતાના સર્વ ગુણોને ધારણ કર્યા હતા.

ભગવાન તો ગુણોના નિધિ હોય છે. એમના જોગમાં આવનારના દોષમાત્ર ટળી જતા હોય અને બ્રહ્મરૂપ થઈ જતા હોય, ત્યારે એ ભગવાનના કલ્યાણકારી ગુણોની તો શી વાત કરવી?

શ્રીહરિ આ લોકમાં કેવળ ૪૯ વર્ષ જ રહ્યા, પરંતુ તેમના લોકોત્તર ગુણોને કારણે, તેમની પ્રતિભાથી, તેમના વ્યક્તિત્વથી, તેમની ઉદાર ભાવવાને કારણે, તેમના દ્વારા અપાતા વૈદિક ધર્મના સાચા ઉપદેશને કારણે સમાજના વિવિધ વર્ગના અનેક લોકો આકર્ષાયા હતા અને આજે પણ આકર્ષાઈ રહ્યા છે. અત્રે ભગવાન શ્રીહરિના ૨૩૭મા પ્રાગટ્ય મહોત્સવ પ્રસંગે કેટલાક અસાધારણ ગુણોને સંક્ષેપથી જાણીએ, માણીએ અને અનુસરીએ.

શ્રી ઘનશ્યામનું બાળપણ

ભગવાન શ્રીહરિ પોતે જ પોતાનાં બાળપણ વિશે જણાવતા ગઢડા મધ્ય પ્રકરણના પપમા વચનામૃતમાં કહે છે કે, "જ્યારે અમારે બાળઅવસ્થા હતી ત્યારે પણ દેવમંદિર હોય ત્યાં દર્શને જવું, કથાવાર્તા સાંભળવી, સાધુનો સમાગમ કરવો, તીર્થ કરવા જવું એવી વાર્તા ગમતી."

ઘનશ્યામે માત્ર ૯ વર્ષની ઉંમરે પોતાના પિતાશ્રી પાસેથી વેદ, ઉપનિષદ, રામાયણ, મહાભારત જેવાં શાસ્ત્રો પર પ્રભુત્વ મેળવી લીધું હતું અને સર્વ શાસ્ત્રોનો સાર કાઢી ગુટકો તૈયાર કર્યો હતો. ઘનશ્યામે ૧૦ વર્ષની ઉંમરે તો કાશીના મોટા મોટા પંડિતોને હરાવી વિશિષ્ટાદ્વૈત મતનું સ્થાપન કર્યું હતું.

છપૈયા તથા અયોધ્યામાં વસવાટ દરમિયાન શ્રી ઘનશ્યામ બાળમિત્રો સાથે ખૂબ રમ્યા હતા. છપૈયા તથા અયોધ્યાવાસીઓને પોતાનાં અગાધ ઐશ્વર્યનાં દર્શન પણ કરાવ્યાં હતાં અને પોતાની બાળસહજ પ્રકૃતિથી આનંદ પણ આપ્યો હતો. બાળપણામાંથી જ પીઢપણું, સમજણ, દયા, કરૂણા, માતા-પિતા તથા વડીલો પ્રત્યેનો પૂજ્યભાવ-આદર, સેવા જેવા અનેક ગુણોનાં દર્શન શ્રી ઘનશ્યામે કરાવ્યાં હતાં.

શ્રી નીલકંઠનું વનવિચરણ

કેવળ ૧૧ વર્ષની કુમળી વયે શ્રી ઘનશ્યામે જ્યારે ઘરનો ત્યાગ કર્યો ત્યારે સાથે જીવનનિર્વાહ માટે શાળીગ્રામ, સત્‌શાસ્ત્રનો ગુટકો, તૂંબડું, પાણી ગાળવાનું વસ્ત્ર, પલાશનો દંડ, મૃગચર્મ, કૌપીન તથા બહિર્વસ્ત્ર વગેરે સાથે લીધાં હતાં. આમાંથી કેટલીક વસ્તુ તો પ્રથમ દિવસે જ જ્યારે કોઈ અસુરે શ્રી ઘનશ્યામને સરયુના ભયંકર પ્રવાહમાં ફેંકી દીધા, ત્યારે જ તણાઈ ગઈ હતી.

ભારે તપશ્ચર્યાને લીધે શ્રી ઘનશ્યામ નીલકંઠ થયા. માત્ર ૧૨ વર્ષની ઉંમરે ઉત્તુંગ હિમાલયના બરફાચ્છાદિત શિખરોને સર કર્યાં. બદરીનાથ, કેદારનાથ, માનસરોવરની યાત્રા કરી અને એ પણ ભર શિયાળે ! પુલહાશ્રમના વિકટ વાતાવરણમાં ચાર મહિના સુધી અતિ કષ્ટદાયક તપ કર્યું. ગૃહત્યાગ પછી સાત વર્ષ સુધી દેહનો અતિશય અનાદર કરી અનેક કષ્ટો વેઠ્યાં. વરસાદની ભયંકર ઝડીઓ, કાતિલ ઠંડી, આગ ઝરતી ઉનાળાની ગરમી ઉઘાડા પગે અને ઉઘાડા શરીરે સહન કરી. દિવસો સુધી અન્ન-જળ વિના પહાડો, જંગલો, ખીણોમાં જંગલી પશુઓ અને ઝેરી સરીસૃપો સાથે ઘૂમ્યા. અતિ તીવ્ર મુમુક્ષુતા, ઝંખના અને અડગ શ્રદ્ધાને લીધે યોગીઓને પણ દુર્લભ એવો અષ્ટાંગ યોગ રમતાં રમતાં કેવળ એક જ વર્ષમાં સિદ્ધ કરી બતાવ્યો. આમ સાત વર્ષમાં પૂરાએ ભારતવર્ષની પરિક્રમા કરી ગુજરાતની ધરતીને કાયમી વસવાટ બનાવી.

શ્રી નિલકંઠનું નિસ્પૃહીપણું

કમળને ક્યારેય પાણીનો સ્પર્શ થાય નહીં, તે જ રીતે જળકમળવત રહેલા શ્રી નીલકંઠ પણ પગલે પગલે જાગૃત રહ્યા અને આવેલા તમામ પ્રલોભનોથી નિસ્પૃહ રહ્યા.

માતા-પિતાના અક્ષરવાસ બાદ ભાઈ રામપ્રતાપજી અને સુવાસીની ભાભી ઘનશ્યામ માટે કન્યાની શોધમાં હતા. આ ખબર મળતાં જ શ્રી ઘનશ્યામે તુરત ઘર છોડવાનો નિર્ણય કર્યો અને ચાલી નીકળ્યા. વનવિચરણ દરમિયાન પણ બુટોલપુર તથા નેપાળના રાજાઓ શ્રી નીલકંઠને પોતાનો તમામ વૈભવ સોંપવા તૈયાર થઈ ગયેલા, પરંતુ નીલકંઠ તેને ઠુકરાવીને ચાલી નીકળેલાં. વૃક્ષ પરથી સૂકું પાંદડું ખરે એટલી સહજતાથી શ્રી નિલકંઠે શ્રીનગરમાં વર્ષે લાખ રૂપિયાની આવકવાળા મઠની મહંતાઈ સ્વીકારવાની ના પાડી દીધેલી. સામેથી રાજકુંવરીઓ સાથે પરણવાની આવતી દરખાસ્ત નીલકંઠે સાંભળી પણ નહોતી. આગળ જતાં ધમરમપુરના રાજરાણી કુશળકુંવરબાઈએ ૫૦૦ ગામનું વિશાળ રાજ્ય સ્વીકારવા અપીલ કરી, પણ શ્રી સહજાનંદ સ્વામીએ નકારી કાઢી હતી.

શ્રીહરિ પોતે જ પોતાનો નિસ્પૃહી સ્વભાવ જણાવતા ગ.મ. ૧ ઉમા વચનામૃતમાં કહે છે, "મારે સહજ સ્વભાવે એમ વર્તે છે જે - આ સંસારને વિષે જે અતિ રૂડો શબ્દ તથા અતિ રૂડો સ્પર્શ તથા અતિ રૂડો ગંધ તથા અતિ રૂડો રસ તથા અતિ રૂડું રૂપ એ જે પંચવિષય તેમાં હું મારાં મનને બાંધવાને ઇચ્છું તો પણ નથી બંધાતું ને એમાં અતિશય ઉદાસ રહે છે અને એ જે સારા પંચવિષય તથા નરસા પંચવિષય તે બેય સમ વર્તે છે અને રાજા તથા રંક તે પણ સમ વર્તે છે અને ત્રિલોકીનું રાજ્ય કરવું તથા ઠીકરું લઈને માગી ખાવું તે પણ સમ વર્તે છે અને હાથીને હોદે બેસવું તથા પગપાળા ચાલવું તે પણ સમ વર્તે છે અને કોઈક ચંદન તથા પુષ્પ તથા સારાં વસ્ત્ર તથા ઘરેણાં ચડાવે તથા ધૂળ નાખે તે બેય સમ વર્તે છે અને કોઈક માન આપે તથા કોઈક અપમાન કરે તે બેય પણ સમ વર્તે છે, તથા સોનું, રૂપું, હીરો તથા કચરો તે બેય સમ વર્તે છે અને આ હરિભક્ત બહુ મોટો છે ને આ હરિભક્ત નાનો છે એમ પણ નથી જણાતું, બધાય હરિભકત સરખા જણાય છે."

તપમાં સહજ રૂચિ

શ્રીહરિને તપમાં સહેજે રૂચિ હતી. વચનામૃતમાં જયાં જયાં સાધનાની વાત આવી છે ત્યાં શ્રીહરિએ તપ ઉપર અવશ્ય ભાર આપ્યો છે. શ્રીહરિ જ્યારે વનવિચરણ સમાપ્ત કરી લોજ પધાર્યા, ત્યારે પોતે જ પોતાની રૂચિ રામાનંદ સ્વામીને પત્ર દ્વારા જણાવતાં કહે છે...

"તપ કરું છું કઠણ તને, નથી મોળો હું પડતો મને ।
ચારે માસ ચોમાસાના જેહ, કરું ધારણાપારણા હું તેહ ॥
વર્ષો વરસ કાર્તિક માસ, કરું છું સામટા ઉપવાસ ।
વળી એ માસમાં કોઇ સમે, કરું કૃચ્છ્રવ્રતન તે અમે ॥
ત્યાર પછી માઘ માસમાંય, કરું પારાક કૃચ્છ્ર કહેવાય ।
ચાંદ્રાયણ એકાદશી લઇ, સર્વે વ્રત કરું છું હું સઇ ॥
કૃષ્ણ પ્રસન્ન કરવાને કાજ, એનું દુઃખ મને નથી મહારાજ ।
પંચ વિષયથી મન ઊતારી, કરું છું તપ કઠણ ભારી ॥
તેણે કરીને શરીર માંઇ, લોહી-માંસ ગયું છે સુકાઇ ।
પ્રાણ રહ્યા તણી એક રીત, નથી રાખી મેં ચિંતવ્યું ચિત્ત ॥

મહારાજ ગ.પ્ર.૨૯મા વચનામૃતમાં કહે છે કે, "અમે શ્રી પુરુષોત્તમપુરીમાં રહેતા ત્યારે કેટલાક માસ સુધી તો વાયુભક્ષણ કરીને રહ્યા તથા ત્રણ-ચાર ગાઉના પહોળા પટવાળી એક નદી હતી, તેને વિષે એક વાર શરીર તણાતું મેલ્યું તથા શિયાળો, ઉનાળો ને ચોમાસું તેને વિષે છાયા વિના એક કૌપીનભર રહેતા હતા તથા ઝાડીને વિષે વાઘ, હાથી તથા અરણાપાડા તેની ભેળે ફરતા." આ સમયે મહારાજની ઉંમર કેવળ ૧૫થી ૧૬ વર્ષની હતી.

આગળ કારિયાણીના ઉજા વચનામૃતમાં કહે છે, "મને બાળપણમાં સ્વામી કાર્તિકની પેઠે એવો જ વિચાર ઊપજ્યો જે, 'મારે મારાં શરીરમાં માતાનો ભાગ જે રૂધિર ને માંસ, તે રહેવા દેવું નથી.' માટે ઘણેક પ્રયત્ને કરીને શરીર એવું સુકવી નાખ્યું જે, 'શરીરમાં કાંઈક વાગે તો પાણીનું ટીપું નીસરે, પણ રુધિર તો નીસરે જ નહિ."



સહજ સેવક

'सेवाधर्मः परमगहनो योगिनामप्यगम्यः।'

પરમ ગહન અને યોગીઓને પણ દુર્લભ એવા સેવાધર્મમાં શ્રીહરિને સહજ આનંદ પ્રાપ્ત થતો. પોતે અનંત બ્રહ્માંડોના ધણી છે, અનંત ઈશ્વરો જેમની સેવામાં તત્પર રહે છે, એવા ભગવાનને નાનામાં નાની સેવા કરવાની ધગશ રહેતી.

ઘનશ્યામે નાનાં હતાં ત્યારથી જ માતા-પિતાની સેવામાં તત્પરતા દાખવેલી. અયોધ્યામાં આવેલાં મંદિરોમાં નિવાસ કરતા સંતોની સેવા, મંદિરોમાં વાળવાની સેવા ઘનશ્યામે ખૂબ ભાવથી કરી હતી. વનવિચરણ વખતે સેવકરામ નામના સાધુની કરેલી સેવાની વાત પોતે જ વચનામૃત ગ.પ્ર.૧૦ માં સવિસ્તાર વર્ણવી છે. લોજમાં આવ્યા પછી શ્રી નીલકંઠે નવ મહિના સુધી સદાવ્રત ચલાવવું, ભિક્ષા માંગવી, પાણી ભરી લાવવું, છાણ ભેગું કરવું, છાણાં થાપવાં, બીમાર સંતો-ભક્તોની સેવા કરવી, આશ્રમની સાફસફાઈ કરવી જેવાં અનેક સેવાકાર્યો કરેલાં. સદ્‌ગુરુ રામાનંદ સ્વામી સાથે જેટલો સમય રહ્યા, તેટલો સમય ઉત્કૃષ્ટ શિષ્યધર્મ નિભાવ્યો અને ઉત્તમ સેવક બનીને રહ્યા. ધર્મધૂરાના સંવાહક બન્યા પછી પણ શ્રીહરિએ પોતાને આશ્રયે આવેલા સાધુઓ તથા ભક્તોની સમયે સમયે નાનામાં નાની સેવા કરી પોતાનો સેવકધર્મ સાચવી રાખ્યો હતો.

ભક્તોની સેવા કરવાની પોતાની ઉત્કૃષ્ટ ઝંખના જણાવતા શ્રીહરિ વચનામૃત ગ.મ. ૨૮માં કહે છે, "અમારે તો ભગવાનનો રાજીપો થયા સારું જન્મોજન્મ ભગવાનના ભક્તની જ સેવા કરવી છે અને જેમ અમારો નિશ્ચય છે તેમ જ તમારે પણ નિશ્ચય કરવો."

વચનામૃત ગ.મ. ૬૩ માં કહે છે, "અમને એમ વિચાર થયો જે, 'સત્તારૂપે રહેવું તેથી પણ ભગવાન ને ભગવાનના ભક્ત ભેળે દેહ ધરીને રહેવું એ શ્રેષ્ઠ છે. માટે અમને એમ બીક લાગી જે 'રખે સત્તારૂપે રહીને પાછો દેહ ન ધરાય.' માટે દેહ ધરીને ભગવાન ને ભગવાનના ભક્તની ભેળે રહીએ ને તેને અર્થે જે સેવા બની આવે તે જ અતિશય શ્રેષ્ઠ સાધન છે."

નરોત્તમની નમ્રતા

"ટળ્યે હરિ ટૂંકડા તે ટળાય દાસે રે,
મુક્તાનંદ એવા સંતને પ્રભુ પ્રગટ પાસે રે."

ભગવાન શ્રીહરિ કહે છે, "દાસના દાસ થઈને જે સત્સંગમાં રહે છે, એની ભક્તિ અમને ખૂબ વહાલી છે."

પોતે સાક્ષાત ભગવાન હતાં, હજારો સંતો-ભક્તો પોતાનાં એક વચને ટુકટુક થઈ જવા તત્પર રહેતાં, છતાં એ ભગવાન અતિ નમ્રતાથી વર્ત્યા. નાનામાં નાનો માણસ અપમાન કરે, ગાળો આપે, કાદવ-કીચડ ઉછાળે, છતાં શ્રીહરિ પોતાને અર્થે ક્યારેય ક્રોધની લકીરેય આણી નથી. નિર્બળ હોય એ તો સહન કરે પરંતુ પ્રતિકાર કરવા પૂરેપૂરા સમર્થ હોવા છતાં ઝરણા કરવી (સહન કરવું) એ જ ખરી નમ્રતા છે.

આણંદની ભરબજારે થયેલું અપમાન હોય કે અમદાવાદના સુબા દ્વારા તેલની ટાંકીમાં ડૂબાડી મારી નાખવાનું કારસ્તાન હોય, શ્રીહરિ સદાય શાંતમૂર્તિ રહ્યા. હા ! જ્યારે જ્યારે પોતાના સંતને કે ભક્તને કોઈએ પીડા પહોંચાડી છે, ત્યારે જરૂર નારાજગી દર્શાવી છે, પણ પોતાનો સાધુતાનો માર્ગ છોડ્યો નથી. સમ્રગ જીવનકાળ દરમિયાન અમદાવાદમાં લોહલંગર બાવાની સાન ઠેકાણે લાવવા પાર્ષદો પાસે શૂરવીરતા દેખાડી તથા એ ઉપરાંત બે-ત્રણ પ્રસંગો સિવાય ક્યારેય શ્રીહરિએ કોઈને ડારો પણ બતાવ્યો નથી. શ્રીહરિને પોતાના સંત પ્રત્યે અત્યંત પ્રીતિ હતી. દૂર દૂર દેશાંતરમાં સત્સંગના પ્રચાર માટે ગયેલા સાધુઓ જ્યારે પોતાનાં દર્શને આવતા ત્યારે શ્રીહરિ સામે ચાલીને જતા અને ધૂળિયા રસ્તામાં જ સાધુઓને દંડવત કરવા લાગતા. એક એક સંતને ભેટતા અને પોતાનો રાજીપો દર્શાવતા.

ગઢડા મધ્યના ૪૮મા વચનામૃતમાં મહારાજ પ્રેમાનંદ સ્વામીનાં કીર્તનો સાંભળીને બોલી ઊઠ્યા, "બહુ સારાં કીર્તન ગાયાં. આ કીર્તન સાંભળીને તો અમારા મનમાં એમ વિચાર થયો જે, આવી રીતે આ સાધુને ભગવાનની મૂર્તિનું ચિંતવન છે, માટે એ સાધુને તો ઊઠીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ." વળી ગ.પ્ર.૩૭માં કહે છે, "એવી નિષ્ઠાવાળો જે સંત, તેના પગની રજને તો અમે પણ માથે ચઢાવીએ છીએ અને તેને દુઃખવતા થકા મનમાં બીએ છીએ અને તેના દર્શનને પણ ઇચ્છીએ છીએ."

માનભૂખ્યા ધર્માચાર્યોની અપેક્ષાએ શિષ્યોને દંડવત્ કરવાની અને તેમની ચરણરજને મસ્તકે ચઢાવવાની ઝંખના સેવતા અનંતના ધણી શ્રીહરિમાં કેટલી બધી નમ્રતા શોભે છે !

સદા સાદાઈ

પ્રેમાનંદ સ્વામી લખે છે...

સદા શ્વેતાંબર શ્રીજી ધારતા રે,
અંબર જરકસિયા કોઇ વાર...

વળી શ્રીજી મહારાજનાં જીવનમાં ઘણી જ સાદાઈ, શુદ્ધતા, સરળતાનો ત્રિવેણી સંગમ જોવા મળે છે. શ્રીજી મહારાજને સફેદ વસ્ત્રો અતિ પ્રિય. પોતાને શ્વેત વસ્ત્ર પ્રિય હોવા છતાં તેઓ ક્યારેક પ્રેમી ભક્તોના મનોરથ પૂર્ણ કરવા માટે ભાતભાતના, ભારે ભારે વસ્ત્ર-અલંકારો પણ સ્વીકારતા, થોડીવાર ધારણ કરતા, પછી સેવકો અથવા તો ગરીબોને આપી દેતા. વળી બેસવા માટે ચાકળો, પાટ, ઓટો, છપ્પર પલંગ, જારની ખાણ, તકિયા પર પણ બેઠેલા સંતોએ નિહાળ્યાં છે. શ્રીહરિને મોટા મોટા મહેલોમાં પણ જતા જોયાં છે અને છેવાડાના ગણાતા લોકોના કૂબા પણ શ્રીહરિએ પાવન કર્યા છે, એમની સાથે ભોજન કર્યા છે, એમની સાથે રાત રહ્યા છે. પોતાની પ્રકૃતિ પ્રમાણે શ્રીહરિને મહેલો કરતાં નાના કૂબા વધારે પસંદ પડ્યા છે.

શ્રીહરિ પોતાની સાદાઈ બતાવતા વરતાલના ૧૬મા વચનામૃતમાં કહે છે, "મોટા માણસ સાથે અમારે ઝાઝું બને નહિ. શા માટે જે, એને રાજ્યનો ને ધનનો મદ હોય અને અમારે ત્યાગનો ને ભક્તિનો મદ હોય, માટે કોઈ કેને નમી દે એવું કામ નથી. અને કોઈ મોટા માણસને જો સમાધિ કરાવીએ તો કાંઈક ગામ-ગરાસ આપે, તેની અમારાં હૃદયમાં લાલચ નથી. કેમ જે, ગામ ગરાસ તો સુખને અર્થે ઇચ્છીએ; તે અમારે તો નેત્ર મીંચીને ભગવાનની મૂર્તિનું ચિંતવન કરીએ તેમાં જેવું સુખ છે, તેવું ચૌદ લોકના રાજ્યને વિષે પણ નથી."

હરિકથાના રસિક

ભગવાન શ્રી સ્વામિનારાયણને કથાશ્રવણમાં જબરી રુચિ હતી. પોતે સહજ જ્ઞાનસ્વરૂપ હતાં, છતાં એમની પાસે દરરોજ શ્રીમદ્ ભાગવત વગેરે વિવિધ શાસ્ત્રોની કથાઓ થયા જ કરતી હતી. કથાશ્રવણ કરતા કરતા વચ્ચે તેઓ શાસ્ત્રોના મર્મોને સમજાવતા જતા હતા અને ઘણીવાર પોતે મોડી રાત સુધી કથાવાર્તા કરતા રહેતા હતા.

શ્રીહરિની કથારસિકતાને વર્ણવતાં પ્રેમાનંદ સ્વામી લખે છે કે...

'ભાન કથામાં રે, બીજી ક્રિયામાંય,
ક્યારેક અચાનક રે, જમતાં હરે બોલાય.
થાય સ્મૃતિ રે, પોતાને જ્યારે તેની,
થોડુંક હસે રે, ભક્ત સામું જોઈ બેની.'

ક્યારેક તો ભારે રમૂજ થતી. કથાશ્રવણ કર્યા પછી તેઓ જમવા બેસે, ત્યારે પણ એમનું ચિત્ત તો કથાના વિષયમાં જ પરોવાયેલું રહેતું. પરિણામે તેઓ જમતાં જમતાં પણ અચાનક 'હરે હરે' બોલવા માંડતા. મહારાજનાં મુખથી ભોજન સમયે 'હરે હરે' શબ્દ સાંભળી હરિભક્તો આશ્ચર્યથી એમની સામે જોવા માંડતા અને મહારાજ પણ વાસ્તવિકતાનું ભાન થતાં હસવા માંડતા!

શ્રીહરિને કથાવાર્તાનો ઇશક જબરો હતો. પોતાનાં માનેલામાં કોઈ જાતની કસર ન રહી જાય એ માટે પોતે સ્વયં જાગૃત રહેતા અને રાત્રિ-દિવસ સતત કથાનો અખાડો મંડાયેલો રહેતો.

ગ.મ.ના ૨૨મા વચનામૃતમાં શ્રીહરિએ અર્ધરાત્રિએ બધા સંતો-પરમહંસોને ઊઠાડીને વાત કરી છે; તો ગ.મ.ના ૩૫મા વચનામૃતમાં એકાદશીને દિવસે રાત્રિ પાછલી છ ઘડી રહી ત્યારે શ્રીહરિ સૂતા ઊઠીને જારની ખાણ ઉપર ઢોલિયો ઢળાવીને બધા પરમહંસ તથા હરિભક્તોને તેડાવીને વાત કરે છે. કારિયાણીના ૧૦મા વચનામૃતમાં શરીરે તાવ છે -

બિમાર છે, છતાં રાત્રિએ સંતો-ભક્તોને બોલાવી વાતો કરે છે. ગ, પ્ર. ૮મા વચનામૃતમાં સાધુને જમવાની પંક્તિ થઈ હતી ત્યારે મહારાજ કહે છે, 'અમારે વાત કરવી છે.'

વળી પોતાના ઉપદેશમાં સાદી-સરળ ભાષા, કોઈ પ્રકારનો દંભ-દેખાવ નહિ કે વિદ્વત્તા દેખાડવાનો કે પ્રભાવ પાડવાનો પ્રયત્ન જ નહિ. જો પોતે ધારત તો હિંદુસ્તાની કે સંસ્કૃત ભાષામાં કહી શકતા હતા, પરંતુ શ્રીહરિએ સરળ ગુજરાતી ભાષામાં બોધ આપ્યો છે. તે પણ પોતાનો પ્રભાવ બતાવવા નહિ પણ મુમુક્ષુઓના જીવનું પરિવર્તન કરવા.

વાતો કરવાની પણ એટલી સરળ પદ્ધતિ કે સામે બેઠેલા ગામડાના અભણ અને ખેડુત લોકોને પણ હૈયા સોંસરવી ઊતરી જાય. કારિયાણીના પ્રથમ વચનામૃતમાં જીવનાં સ્વરૂપને સમજાવતાં જીવને બરછીની અણી જેવો સૂક્ષ્મ કહ્યો છે; કારણ કે અભણ કાઠીઓને એ તરત સમજાય અને ભૂલી ન જાય. ગ.પ્ર. ૨૫મા વચનામૃતમાં ઇન્દ્રિયોને સંયમ રાખવાની વાત કરતા ખેડૂતોને સમજાવવા વીશ કોશના પ્રવાહનું દૃષ્ટાંત આપ્યું. વળી ગ.મ. ૨જા વચનામૃતમાં અંતઃકરણની શુદ્ધિ માટે કૂવાને ગાળવાનું દૃષ્ટાંત આપીને સમજાવે છે. ગ. મ.૩૩મા વચનામૃતમાં પુરુષપ્રયત્નનો પ્રભાવ સમજાવતા કૂવા ઉપર દોરડીથી પત્થરને કાપો પડી જાય છે, એ દૃષ્ટાંત આપે છે. આમ લોકભોગ્ય અને સરળ દૃષ્ટાંતો આપવાની મહારાજની શૈલી હતી.

સહજ સાધક

ભગવાન શ્રી સ્વામિનારાયણ સાધુરૂપે અવતર્યા હતા, તેથી એમનાં જીવનમાં સાધના અભરે ભરી હતી.

સાધના બે પ્રકારની હોય છે - દૈહિક અને વૈચારિક. શ્રીહરિની દૈહિક સાધનાની તો તુલના થઈ શકે એમ જ નથી. મુમુક્ષુઓને માર્ગદર્શન મળે એ હેતુથી વનવિચરણ દરમિયાન તથા લોજમાં રહીને શ્રી નીલકંઠે રૂધિર અને માંસને સુકવી નાંખવા સુધીની જે સાધના કરી છે, તે સાધના મનુષ્યોથી થઈ જ ન શકે.

શ્રીહરિની વૈચારિક સાધનાનો પણ તોલ થઈ શકે એમ નથી. શ્રીહરિએ વારંવાર વચનામૃતમાં પોતે કરેલી સાધના અને સાધકથી થઈ શકે તેવી સાધનાનો સરળ માર્ગ બતાવ્યો છે. જેમ કે ઇન્દ્રિયો કેવી રીતે જિતાય? મન કેવી રીતે જિતાય? કામ જિત્યાનો ઉપાય શું? સાક્ષાત્કાર કર્યા વિના આવી ગહનવાત કોણ સમજાવી શકે?!

ગ.મ.૫૫-મા વચનામૃતમાં કહે છે, "અંતરમાં એમ વિચાર રહ્યા કરે છે જે, 'આત્માને વિષે રખે રજોગુણ, તમોગુણ આદિક કોઈક માયાનો ભાગ ભળી જાય નહિ તેને ઘડીએ ઘડીએ તપાસતા રહીએ છીએ; જેમ સાડાસોળવલું કંચન હોય ને તેને સોનીની પેઢીએ લઈ જાય અને જો ધણીની લગારેક નજર ચૂકે, તો સોની સોનું કાઢી લઈને તેમાં રૂપું ભેળવી દે, તેમ આ હૃદયરૂપી તો સોનીની પેઢી છે અને તેમાં માયારૂપી સોની છે, તે પોતે બેઠો થકો સંકલ્પરૂપી જે હથોડો તેના અખંડ ટચટચ ટચકા મારતો રહે છે. અને જેમ સોનીના છોકરાં-સ્ત્રી હોય તે પારસી કરીને તેને હાથ આવે તો કાંઈક સોનું ચોરી જાય, તેમ ઈન્દ્રિયો, અંતઃકરણ એ સર્વે માયારૂપી જે સોની તેનાં છોકરાં, સ્ત્રી છે, તે કંચનરૂપ જે ચૈતન્ય તેને વિષે ત્રણ ગુણ તથા પંચવિષયમાં આસક્તિ તથા દેહાભિમાન તથા કામ, ક્રોધ લોભાદિક એ રૂપ જે રૂપું, તેને ભેળવીને જ્ઞાન-વૈરાગ્યાદિક ગુણરૂપ જે સોનું તેને કાઢી લે છે. ...તેમ આ જીવને વિષે રજ, તમ આદિક જે રૂપું ભળ્યું છે તેને ગાળીને કાઢી નાખવું ને પછી કંચનરૂપ જે એક આત્મા તે જ રહે પણ બીજો માયિક ભેગ કાંઈ રહે નહિ.' એવી રીતના વિચારમાં અમે રાત-દિવસ મંડ્યા છીએ."

આ ઉપરાંત સ્વભાવ ટાળવાની વાત, નારદ-સનકાદિક જેવા સાધુ થવાની વાત, આત્યંતિક કલ્યાણની વાત, દેહથી ભિન્ન થઈ આત્મરૂપે વર્તવાની વાત, ભગવાનના મહિમાની વાત, પંચવિષયની તુચ્છતાની વાત, વાસના બાળ્યાની વાત શ્રીહરિએ વચનામૃતમાં કહી બતાવી છે અને પોતે એ પ્રમાણે વર્તી પણ બતાવ્યું છે.

સાચા પથદર્શક અને ઉપદેશક

મહાન વ્યક્તિના પાંચ ગુણ છે. વાત કરે, વાત સાંભળે, વાત સમજે, વાત માને અને વાતને સ્વીકારે. ભગવાન શ્રી સ્વામિનારાયણે આ પાંચેય ગુણોને જીવી બતાવ્યા હતા. પોતે મહાન વક્તા હતા, મહાન શ્રોતા હતા, મહાન કેળવણીકાર હતા ને મહાન ઉપદેશક હતા.

મોટા ભાગના લોકો બીજા કંડારી આપે તેના પર ચાલનારા હોય છે, પરંતુ વિચાર કરીને નવી કેડી પાડવાનો વિચાર કરતા નથી. વિચારશૂન્યતા એ આજના જમાનાની

સૌથી મોટી સાર્વજનિક આપત્તિ છે. પરંતુ શ્રીજી મહારાજ જે કંઈ ઉપદેશ આપતા એ તેમના ઊંડા વિચાર-મનનનો પરિપાક રહેતો. શ્રીહરિને સર્વ શાસ્ત્રો હસ્તામલકવત્ હતા. એમને કપોળકલ્પીત વાત તો ગમતી જ નહીં. એમને જેવો વ્યાસજીનાં વચનમાં વિશ્વાસ હતો, એવો એકેય આચાર્ય કે ગ્રંથોમાં નહોતો.

શ્રીહરિએ પોતાના ઉપદેશમાં સર્વ શાસ્ત્રોના સારને વણી લીધો છે. શ્રીહરિ ગ.મ.૨૮મા વચનામૃતમાં કહે છે, "આ વાર્તા જે અમે કરી છે તે કેવી છે ? તો વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિશે શબ્દમાત્ર છે તે સર્વેનું અમે શ્રવણ કરીને ને તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે, તે પરમ રહસ્ય છે, સારનું પણ સાર છે." વચનામૃતમાં ગીતા, ભાગવત, ઉપનિષદ, સ્મૃતિગ્રંથો, રામાયણ, મહાભારત વગેરે ગંથોના પ્રમાણો આપીને આ વાતો કરી છે.

શ્રીજી મહારાજની અપાર કરુણા ગ.મ.૧૩મા વચનામૃતમાં દેખાય છે. મહારાજ કહે છે, "આ જે મારે વાત કરવી છે, તે કાંઈ દંભે કરીને નથી કરવી તથા પોતાની મોટ્યપ વધારવા સારું નથી કરવી. આ વાત છે તે મારી દીઠેલ છે ને મારા અનુભવે કરીને પણ મેં સિદ્ધ કરેલી છે. અને સર્વ શાસ્ત્રમાં પણ મળતી આવે છે અને અમે પ્રત્યક્ષ નજરે જોઈને તમને આ વાત કરીએ છીએ અને જો પ્રત્યક્ષ જોઈને ન કહી હોય, તો અમને સર્વ પરમહંસના સમ છે."

શ્રીજી મહારાજ પંચાળાના પ્રથમ વચનામૃતમાં કહે છે, 'તમારા સર્વેનો તો એ વિચાર અમે સાંભળ્યો, પણ હવે અમે જે વિચાર કર્યો છે તે કહીએ છીએ.' અને પછી કહે છે. વળી પોતાના આશ્રિતોમાં વિચારની મૌલિકતા ખીલે તે માટે શ્રીહરિ પરસ્પર પ્રશ્ન-ઉત્તર કરાવતા, જેથી બન્ને સજાગ રહે ને ત્રીજા સાંભળનારા પણ સજાગ રહે. શ્રીજી મહારાજે બધાને જાગ્રત રાખ્યા છે ને બધાને સામેલ પણ કર્યા છે.

નાના-મોટાને, નાના-નાનાને તથા હરિભક્તોને પણ અરસ-પરસ પ્રશ્નોત્તરીમાં જોડતા. આ રીતનો અનુસરવાથી વિચારશક્તિ પણ વધતી અને પરસ્પર આત્મિયતામાં પણ વૃદ્ધિ થતી. ક્યારેક કોઈને પ્રશ્ન પૂછતા ન આવડે તો પ્રશ્ન પૂછતા પણ શીખવાડ્યા છે. ઘણી વખત પરમહંસોના ઉત્તરમાં આશંકા કરી તેમની બુદ્ધિ કસતા પણ જોવા મળે છે. કેળવણીના આ દૃષ્ટિકોણથી શ્રીજી મહારાજે બધાને મૌલિક રીતે વિચારતા કર્યા છે.

જેમ સ્કૂલોમાં હોશિયાર વિદ્યાર્થીઓને જુદા બોલાવે, તેને વિશેષ માર્ગદર્શન આપે, એ જ રીતે મહારાજે પણ ગ.મ.૧૩મા વચનામૃતમાં મોટેરા પરમહંસોને જુદા બોલાવ્યા, વર્ગ જુદો પાડ્યો અને પછી પ્રશ્નોત્તરી કરી. વળી શ્રીજી મહારાજ ઉપદેશ આપ્યા પછી એણે ગ્રહણ કર્યો છે કે નહિ ? તેની પણ તપાસ કરાવતા.

આ ઉપરાંત પોતાના આશ્રિતને વર્તવામાં કોઈ ફેરફાર થાય તો પ્રેમથી સમજાવતા, પુરું માર્ગદર્શન આપતાં અને ફરી ભૂલ ન થાય તે બાબતની સજાગતા રખાવતા. પોતાના પરમહંસોને પોતે લાડ પણ ખૂબ લડાવતા અને કસણી પણ ખૂબ કરતા. શ્રીહરિએ ૧૧૪ પ્રકરણ ફેરવીને પરમહંસો તથા ભક્તોની ભારે કસોટીઓ કરી હતી.

સ્પષ્ટવક્તાપણું - નીડરતાપણું

ભગવાન શ્રીહરિનું નીડરપણું બાળપણામાંથી જ જણાઈ આવે છે. નિર્ભયતા એમનો જન્મજાત સ્વભાવ હતો. એમણે ક્યારેય પણ મોતની પરવાહ કરી ન હતી. છપૈયા તથા અયોધ્યાને વિશે કેટલાયે આસુરી તત્ત્વો સાથે બાથ ભીડી છે. કદાવર મલ્લોનો પરાજય કર્યો છે. મોટા મોટા મહંતોને સબક શીખવી છે. કહેવાતા પંડીતોની વિદ્વત્તાનો ગર્વ ઊતાર્યો છે. ધસમસતી મોટી નદીઓ અને ઊંડા સરોવર, ઊંડી-અંધારી ગુફાઓમાંથી એકલા આરપાર ઊતર્યા છે.

જ્યારે નીલકંઠ સ્વરૂપે વનવિચરણ કર્યું ત્યારની નીડરતા વર્ણવતા શ્રીહરિ સ્વયં કહે છે, "જ્યારે ઘર મૂકીને નીસર્યા ત્યારે તો વસ્ત્ર રાખવું પણ ગમતું નહિ અને વનમાં જ રહેવું ગમતું અને બીક તો લેશમાત્ર લાગતી જ નહિ અને વનને વિષે મોટા મોટા સર્પ, સિંહ, હાથી ઈત્યાદિક અનંત જનાવર દીઠામાં આવ્યાં પણ કોઈ પ્રકારે હૈયામાં મરવાની તો બીક જ લાગતી નહિ, એવી રીતે મહાવનને વિષે સદા નિર્ભય રહેતા."

શ્રીહરિ માત્ર ૨૧ વર્ષની ઉંમરે ધર્મસંસ્થાપક બન્યા હતા અને માત્ર ૨૪ વર્ષની ઉંમરે ૫૦૦ પરમહંસોને દીક્ષા પ્રદાન કરી હતી. આ સમયે ઈર્ષાની આગ ઓકતા અનેક વિરોધીઓ દ્વારા જાતજાતની મુશ્કેલીઓ આવી હતી, પરંતુ શ્રીહરિ એક ડગલું પણ પાછળ હટ્યા નહોતા અને સામે કોઈ પ્રતિકાર પણ કર્યો નહોતો.

અમુક પ્રસંગો તો એવા બન્યા હતા કે અગાઉથી ખબર મળે કે ત્યાં જવાથી અપમાન થશે, જાનનું જોખમ ખેડવું પડશે, એવા સ્થાનોમાં સામે ચાલીને ગયા હતા અને

કોઈ પ્રતિકાર કે વિરોધ વિના વિરોધીઓના વાજાં બેસુરા કરી દીધાં હતાં.

શ્રીજી મહારાજની પ્રતિભામાં બીજી પણ એક લાક્ષણિકતા સમાયેલી છે અને તે છે સ્પષ્ટવક્તાપણું. શ્રીજી મહારાજ પોતાના આશ્રિતોને હિતની વાત દુઃખ લગાડીને કહેવામાં ક્યારેય સંકોચ પામતા નહિ. શ્રીહરિને લલોચપો રાખવો સહેજે ન ગમતું. કોઈને વર્તવામાં ભૂલ જણાઈ આવે તો ભર સભામાં જ યોગ્ય ઠપકો સંભળાવી દેતા; એ પછી મોટા સંત હોય કે નાનામાં નાનો હરિભક્ત હોય.

એક સમયે બ્રહ્માનંદ સ્વામીએ એક પ્રસંગે અબોલા લીધેલા, ત્યારે શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામીને સભામાં જ માર્મિક પ્રશ્ન પૂછ્યો કે, "જેને એવી મલિન રીસ હોય જે જેની ઉપર આંટી પડે તે સંગાથે આંટી મૂકે જ નહિ ને પાડાની પેઠે રીસ રાખ્યા કરે, એવો જે હોય તેને સાધુ કહીએ કે ન કહીએ ?" (વચનામૃત કારિયાણી ૯) ત્યારે બ્રહ્માનંદ સ્વામી પ્રશ્નનો મર્મ સમજી ગયા ને ઉત્તર આપતા કહ્યું, 'તેને સાધુ ન કહેવાય.'

દાદા ખાચરના ઘરે ૨૦ વર્ષ નિવાસ કરીને રહ્યા હતા, છતાં એ પરિવારની નાની એવી ભૂલને કેટલીયેવાર જાહેરમાં ટપારીને સુધરાવી હતી. કોઈ ગામધણી દરબાર હોય કે નગરશેઠ હોય, શ્રીહરિએ ક્યારેય એમને પંપાળ્યા નથી. કહેવું ઘટે તે યોગ્ય સમયે અને યોગ્ય રીતે કહી દીધું છે.

શ્રીહરિનું હૂંફાળું વ્યક્તિત્વ

શ્રીહરિ અતિ કરૂણાથી ભર્યા હતા. તેઓ ભૂખ્યાને જમાડવામાં, દીનદુઃખિયાઓને દાન દેવામાં સદૈવ આતુર રહેતા. પ્રેમાનંદ સ્વામી લખે છે કે,

'કોઇને દુઃખીયો રે, દેખી ન ખમાય,
દયા આણી રે, અતિ આકળા થાય.
અન્ન-ધન-વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે,
કરૂણાદૃષ્ટિ રે, દેખી વાનજ વાળે.'

શ્રીહરિ પરકાજે પોતાની જાત ઘસી નાખતા. દુઃખિયારાની વહારે ધાતા, શરણાગત માટે સ્વત્વ હોમી દેતા અને એમના થઈ જતા. અરે...! શ્રીહરિએ પોતાની સાથે દુષ્મનાવટ રાખનારને પણ ગળે વળગાડી સાથે રાખ્યા છે. આવો શ્રીહરિનો સ્વભાવ નિહાળી અનેક પરધર્મીઓ પણ શ્રીહરિને પોતીકા માનતા, શ્રીહરિને હૃદયમાં ધારતા. મોટા મોટા રાજાઓ, અમલદારો, ધર્માચાર્યો તથા આદિવાસી, ભીલ જેવા નિચલાવર્ગના લોકોએ પણ શ્રીહરિની હૂંફાળી હૂંફ અનુભવી છે.

શ્રીહરિનું વ્યક્તિત્વ જ એવું હતું કે, દૂર દૂર ઉત્તર-પશ્ચિમ તરફથી પણ લોકો ખેંચાઈને આવતા. મોટા મોટા અમલદારો, ગામધણીઓ પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી દેતા. મઠાધિપતિઓ પોતાની અઢળક સંપત્તિ, બહોળો શિષ્યવર્ગ, હાથીની અંબાડીઓ મૂકીને ઉઘાડે પગે ભમવાનું પસંદ કરતા, માર ખાતા, અપમાનો સહન કરતા, દિવસોના ઉપવાસ કરતા, લોટના ગોળા જમતા.

શ્રીહરિની ઉંમર કેવળ એકવીસ વર્ષની હતી. એ સમયે ધર્મધૂરા સંભાળ્યા પછી ત્રીસ, ચાલીસ, પચાસ, સાંઇઠ વર્ષની ઉંમરના ત્યાગી-ગૃહીઓ શ્રીહરિના ઇશારે પોતાના મન-શરીરને વર્તાવતા. સોનું જેમ વધારે તપે એમ શુદ્ધ થાય, તે જ રીતે શ્રીહરિએ પોતાના આશ્રયે આવેલા સાધુઓ-ગૃહસ્થોને વિવિધ પ્રકરણો ફેરવી-પરિક્ષાઓ લઈ, અગ્નિમાં તપાવી સોળવલા સોના જેવા કર્યા હતા. આ બધું જ સહન થતું, કારણ કે સામે સાક્ષાત અનંત ભૂવનના અધિપતિ પુરુષોત્તમ નારાયણ હતા. જેમ વધારે તપતા તેમ શ્રીહરિ પ્રત્યે એમની નિષ્ઠામાં વધારે દૃઢતા થતી.

શ્રીહરિના ગુણો તો અનંત છે. એમનું વર્ણન કરવું એ તો ગાગરમાં સાગર ભરવા જેવું કઠણ છે. આ તો જે કાંઈ આપણી વૈખરી વાણીથી વર્ણન થઈ શકે તેટલું કરીએ અને આપણી જાતને ધન્ય બનાવીએ. ભગવાન શ્રીહરિના આવા ગુણો આપણામાં આવે અને એમના પ્રત્યેની નિષ્ઠા ઉતરોત્તર દૃઢ થતી રહે એ જ પ્રાર્થના. ●●

ગુરુકુલ દર્શન માસિક અંગેની વિગતો

ન્યુઝ પેપર રજીસ્ટ્રેશન રુલ ૧૯૫૬ અન્વયે જાહેરનામું

પ્રકાશન સ્થળઃ- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, ડ્રાઇવ ઇન રોડ, મેમનગર, અમદાવાદ - ૩૮૦૦૫૨

પ્રકાશન સમયઃ- દર માસની ૨૫ તારીખે

પ્રકાશકનું નામઃ- પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

રાષ્ટ્રીયતાઃ- ભારતીય

સરનામુઃ- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, ડ્રાઇવ ઇન રોડ, મેમનગર, અમદાવાદ - ૩૮૦૦૫૨

તંત્રીનું નામઃ- પાર્ષદ શામજી ભગત

માસિકના માલિકઃ- પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

હું પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામી આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચી છે.

સહી- પુરાણી બાલકૃષ્ણદાસ.

રામનવમી-હરિનવમી

- પાર્ષદ શામજીભગત

ભગવાન શ્રીરામ અને ભગવાન શ્રી સ્વામિનારાયણ બન્નેના જન્મદિવસ એક જ તિથિ છે. છેક ત્રેતાયુગમાં પ્રગટ થયેલા ભગવાન શ્રી રામચંદ્ર ધર્મમર્યાદાનું સાક્ષાત્ સ્વરૂપ ગણાયાં છે. કળીયુગમાં પ્રગટ થયેલા ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ સમન્વિત એકાંતિકધર્મનું સાક્ષાત્ સ્વરૂપ ગણાય છે.

શ્રી રામની જન્મભૂમિ ઉત્તરપ્રદેશમાં અયોધ્યાપુરી છે, તો શ્રીહરિ (ભગવાન શ્રી સ્વામિનારાયણ)ની જન્મભૂમિ પણ અયોધ્યાપુરીથી નજીક છપૈયા ગામ છે.

શ્રીરામે પિતાનું વચન પાલન કરવા ૧૪ વર્ષનો વનવાસ સ્વીકાર્યો છે અને શ્રીજીએ પણ અનંત જીવોનાં કલ્યાણ કરવા માટે ૭ વર્ષ વનવિચરણ કરેલ છે.

'નવમી તિથિ મધુમાસ પુનિતા' અર્થાત્ ચૈત્ર માસ શુક્લ પક્ષની પવિત્ર નવમી તિથિ એ શ્રી રામની પ્રાગટ્યતિથિ છે, એ જ રીતે શ્રીહરિ પણ ચૈત્ર શુક્લ નવમીના દિવસે પ્રગટ થયા છે તેથી રામનવમી અને હરિનવમી ભગવાનની પ્રાગટ્ય તિથિ તરીકે ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. સત્સંગી તરીકે આપણે સૌએ રામનવમી અને હરિનવમીના મહિમાને સારી રીતે અંતરમાં ઊતારવો જોઈએ.

વચનામૃતમાં શ્રીજી મહારાજ સ્વયં કહે છે કે, "જેને ભગવાનની મૂર્તિ અંતરમાં અખંડ દેખાતી હોય તેણે પણ ભગવાને જે જે અવતારે કરીને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી" એટલે કે પરબ્રહ્મ પરમાત્માના જે જે અવતારો પૃથ્વી ઉપર થયા છે અને વૈદિક સનાતન ધર્મગ્રંથોમાં જે જે અવતારોના લીલા ચરિત્રો લખાયાં છે, તેનું શ્રવણ-મનન કરીને આપણા ઈષ્ટદેવનો મહિમા સમજીએ તો અંતરમાં વિશેષ ભક્તિભાવ પ્રગટ થાય.

આધુનિક સમયમાં વર્તમાન સત્સંગ પ્રણાલીની કથાવાર્તામાં અવતાર-અવતારીના ભેદને સમજાવવા માટે ઘણા કથાકારો અન્ય અવતારોની યુક્તિપૂર્વક ટીકા અને ખંડન કરતા સાંભળવા મળે છે. ઈષ્ટદેવની નિષ્ઠા કે ઉપાસના વિના કેવળ મનુષ્યની રીતે અવતારોને બિન મહત્વના ગણીને માત્ર પોતાના ગુરુનો, પોતાનાં સ્થાનનો અને આડકતરી રીતે પોતાનો મહિમા વધારતા જોવા મળે છે.

શાસ્ત્રોના ભણતર-સ્વાધ્યાય વિનાનાં શાસ્ત્રો અને પુરાણોનાં વાચન કે દર્શન વિનાના પુરાણીઓ જ્યારે રામ-કૃષ્ણ કે અન્ય અવતારોની અવહેલના કરતા જોવા મળે છે ત્યારે મને આવા વક્તાઓને વગર માંગી સલાહ આપવાનું મન થાય છે કે તમે એક વાર વાલ્મીકિ રામાયણ કે તુલસીદાસ કૃત રામચરિત માનસ અથવા શ્રીમદ્ ભાગવતનું શાંતિથી સ્વસ્થ મને અનુષ્ઠાન કરો.

એ જ રીતે આજના સુપ્રસિદ્ધ વક્તાઓ ભગવાન શ્રી સ્વામિનારાયણને ઓળખ્યા વિના કે એમનાં શાસ્ત્રોનાં સ્વાધ્યાય-અનુષ્ઠાન વિના જાહેરમાં "સહજાનંદ સ્વામી તો એક આચાર્ય હતા એ કાંઈ ભગવાન નહોતા, એમના ઈષ્ટદેવ તો શ્રીકૃષ્ણ ભગવાન હતા." વગેરે બકવાસ કરીને પોતાની ગરિમાને ન છાજે એવી વાણી ઉચ્ચારે છે, ત્યારે આપણે તેમને માત્ર એક વચનામૃત ગ્રંથ આપીને અનુષ્ઠાન કરવાની ભલામણ કરીએ છીએ.

સૌથી મોટો પ્રશ્ન એ થાય છે કે બધા જ શાસ્ત્રકારો અને કથાકારો ભગવાન એક જ હોવાની વાત લખે છે અને કહે છે, છતાં પણ ભગવાનના વિવિધ અવતારો અને અનંત નામોને આધારે ભગવાનમાં ભેદ પાડનારી માનવબુદ્ધિને શું કહીએ?

સ્વામિનારાયણ સંપ્રદાયના ઈતિહાસમાં ભગવાન શ્રીહરિએ સૌપ્રથમ માંગરોળમાં ભગવાન શ્રી રામની મૂર્તિની પ્રતિષ્ઠા કરી હતી. સહજાનંદ સ્વામીના ચમત્કારપૂર્ણ ઐશ્વર્ય-દર્શન (સમાધિપ્રકરણ)ને કારણે મોટાભાગના ધર્મશ્રદ્ધાળુઓ શ્રીજી મહારાજનાં સ્વરૂપમાં આકર્ષાઈ રહ્યા હતા. તો પણ શ્રીજીએ જ્યારે શ્રી રામ ભગવાનની મૂર્તિ સ્થાપના કરી, ત્યારે તત્કાલીન ઈતર સંપ્રદાયના સાધુ સમાજે તેનો ભારે વિરોધ કર્યો હતો અને સમન્વયવાદી સહજાનંદસ્વામીએ તે સમયે શ્રી રામની મૂર્તિ નહીં પધરાવવાનો સંકલ્પ જાહેર કર્યો હતો તેમજ રાધાકૃષ્ણની પ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરવાની જાહેરાત કરી હતી. આજે ૨૦૦-૨૫૦ વર્ષો પછી આ ઈતિહાસ ભૂલાઈ ગયો છે. ગ્રંથોમાં આ વાતો લખાયેલી છે પરંતુ પોતાના ઈષ્ટદેવ-ઉપાસનીય સ્વરૂપ અને પરંપરાના જતન માટે ઘણી વખત સંતો-ભક્તો ભગવાનનાં નામ અને અવતારોમાં એવા ભેદ પાડી દેતા હોય છે કે જાણે અન્ય

અવતારોનું તો કોઈ મૂલ્ય જ નથી. માત્ર મારા એક જ ભગવાન સર્વોપરી છે, અર્થાત્ બીજા બધાના ભગવાન મારા ભગવાનથી પાછળ છે અથવા ખૂબ જ નાનાં છે. આ બાબત એટલી આગળ વધી રહી છે કે અવતારોને ભગવાનના ભક્તો કરતાં પણ નિમ્ન બતાવતા કોઈને સંકોચ થતો નથી.

ભાવિક ભક્તો આ બધી વાતોમાં આવી જાય છે અને આજે એવી પરિસ્થિતિ સર્જાઈ ચૂકી છે કે સ્વયં શ્રીજીમહારાજે સ્વહસ્તે પ્રતિષ્ઠિત કરેલાં દેવમંદિરો અને નરનારાયણદેવ - લક્ષ્મીનારાયણદેવ જેવાં સ્વરૂપોને પણ ગૌણ ગણીને માત્ર પોતાના ગુરુ કહે એ જ સ્વરૂપની ઉપાસના-દર્શન-ભક્તિ-પ્રચાર થઈ રહ્યો છે.

રામનવમી અને હરિનવમીના એક જ તિથિના જન્મોત્સવથી વિવેકી ભક્તજનને એવી પ્રતીતિ જરૂર થશે કે ભગવાન પુરુષોત્તમનારાયણ તો સર્વતંત્ર-સ્વતંત્ર છે. ભક્તજનોની તમામ ભાવનાનો ભગવાન સ્વીકાર કરે છે, પરંતુ અહીં ભેદબુદ્ધિ ઉત્પન્ન કરીને જે વાડા ઊભા કરવામાં આવે છે, તેમાંથી અનેક મુમુક્ષુઓ - શ્રદ્ધાળુ ભક્તજનોનાં અંતરમાં અસ્પષ્ટતા અને ઉદાસીનતા આવી જાય છે.

'હરિ તારા નામ છે હજાર. કયા નામે લખવી કંકોતરી'

એવું પ્રાચીન ભજન સૌને સ્પષ્ટ વિવેક શીખવે છે. એ જ રીતે, **'હરિ અનંત હરિકથા અનંતા'** એ ન્યાયે ભગવાનની અનંત અવતાર-લીલાઓ છે. ભક્તજનો માટે એ લીલાઓ ગાવા યોગ્ય અને ચિંતવન કરવા યોગ્ય છે. ક્યારેક રામલીલા જોઈ હશે તેને ખ્યાલ આવશે અથવા રામાયણનું ગાન-અનુષ્ઠાન કર્યું હોય તો સમજાશે કે રામ જેવો કોઈ પુરુષ થયો નથી અને થશે પણ નહીં. વચનામૃત જેવા ગ્રંથમાં પણ ભગવાન શ્રીરામ અને રામદૂત હનુમાનજી મહારાજ પ્રત્યે શ્રીજી મહારાજે અપાર આદર અને ભક્તિ વ્યક્ત કરેલાં છે.

આ સંદર્ભમાં ચૈત્ર મહિનાની વાસંતી નવરાત્રી (ચૈત્ર શુક્લ પ્રતિપદાથી નવમી સુધીના નવ દિવસ) રામભક્તો માટે અને શ્રીજી મહારાજના ઉપાસકો માટે ખૂબ જ મહત્વના ઉપાસના-અનુષ્ઠાન અને સ્વાધ્યાયસભર તપના દિવસો ગણાય છે. નવરાત્રિ દરમિયાન ફલાહાર કે અલ્પાહાર કરીને પોતાના ઈષ્ટદેવનાં સ્વરૂપના ધ્યાન-ઉપાસન સાથે રામાયણ-વચનામૃત-ભક્તચિંતામણિ જેવા ગ્રંથોનું અનુષ્ઠાન સાથે નામજપ કરીને પોતાના આધ્યાત્મિક જીવનને ઉજાગર કરવું જોઈએ.

ઉપાસના કરનારાને સ્વયં પરમાત્મા વિવેકબુદ્ધિ આપે છે, પછી તેનાં અંતરમાં આ વ્યવહાર-જગતની ભેદબુદ્ધિ રહેતી નથી. અવતાર-અવતારીનો વિવેક પણ પ્રગટે છે, જે માત્ર અન્ય વક્તાઓને સાંભળવાથી ક્યારેય સમજાતો નથી. ઘણા શ્રદ્ધાળુ ભક્તજનો મોટા સંતોને આ અવતાર-અવતારીના ભેદનો પ્રશ્ન વારંવાર પૂછતા હોય છે. તેમાં પોતાની જિજ્ઞાસા કરતાં પણ જેને પ્રશ્ન પૂછે છે તે સ્વામીજી કે વક્તા આ વિષે શું માને છે ? એવું જાણવાની મહેચ્છા વધુ હોય છે. સ્વામિનારાયણ ભગવાન વચનામૃતમાં કહે છે તેમ, "ઈષ્ટદેવની ઉપાસના વિના કોઈ વાતની સિદ્ધિ થતી નથી." એટલે જિજ્ઞાસુઓએ પ્રશ્ન પૂછવા પરંતુ માત્ર પ્રશ્ન પૂછીને જ સંતોષ ન માનવો. પોતાના ઈષ્ટદેવની ઉપાસના વધારવી, અર્થાત્ નામજપ, ધ્યાન, કીર્તન અને સ્વાધ્યાય-સત્સંગ કરીને વધુ ભગવાનની સમીપ રહેવાનો અનુભવ કરવો જોઈએ.

જે સાધક પોતાના ઈષ્ટદેવની નિષ્ઠાપૂર્વક ઉપાસના-ભક્તિ કરતો હોય તેને વિવેક-વૈરાગ્ય જેવા દિવ્યગુણો સહજ રીતે પ્રાપ્ત થાય છે અને ભગવાનની વાણીરૂપ લીલામાંથી પણ પરમસત્વ સમજાય છે.

ભગવાનનું પ્રાગટ્ય કે અવતાર ધારણ કરવા એ તો કેવળ જીવો ઉપર કરુણા જ છે. ભગવાન સ્વયં સદાય અજન્મા છે અને એમનો જન્મદિન એ તો એમનું એક નાટક (લીલા) છે. આ નાટકમાં ભક્તજનો દિવ્ય આનંદ માણે છે અને જેની બુદ્ધિ દૂષિત છે અથવા આસુરી છે તેવા અભક્ત તે નાટકમાં મોહ પામે છે.

ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે મારા જન્મ અને કર્મ દિવ્ય છે અને આ મારા જન્મ-કર્મને જે દિવ્ય જાણે છે તે શરીર છોડીને પુનર્જન્મ પામતા નથી પરંતુ મને જ પામે છે. આપણી ભૌતિક દૃષ્ટિને લીધે દિવ્યતા આપણી સમજણમાં આવતી નથી, તો પણ ભગવાનની વાણી અથવા સંતોની વાણીમાં વિશ્વાસ રાખીને જે ભગવાનના લીલા-ચરિત્રોનું ભક્તિભાવ પૂર્વક ચિંતન-મનન-ગાન કરતા રહે છે તેને જરૂર દિવ્યતાનો અનુભવ થાય છે.

રામનવમી કે હરિનવમી કાળગણનાની રીતે વર્ષમાં એક જ વાર આવે (ચૈત્ર સુદ નવમી) પરંતુ ભક્તજનો તો દર મહિનાની શુક્લપક્ષની નવમી તિથિને ભગવાન શ્રીહરિના પ્રાગટ્યદિન તરીકે મનાવીને વ્રત-ઉપવાસ, દેવદર્શન વગેરે વિશેષ ભજન દ્વારા મહોત્સવ મનાવે છે.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ - મેમનગર ખાતે આ પ્રકારનો શ્રીહરિ જયંતી મહોત્સવ દર મહિને ઉજવવામાં આવે છે. જેમાં શ્રી નીલકંઠવર્ણીના અભિષેક અને શ્રી ઘનશ્યામ મહારાજના રાજોપચાર મહાપૂજન સાથે સૌ દિવ્ય લાભ લેતા રહે છે. ખરા અર્થમાં અખંડ ભગવાનમાં જોડાઈ જવા માટે જ આ રામનવમી-હરિનવમીનો તહેવાર આવે છે. ■

અવતાર પુરુષ સદાકાળ યુવાન શા માટે ?
જેમની લીલા ન સમજાય કે ન પમાય તે જ ભગવાન હશે ને !

- ભદ્રાયુ વચ્છરાજાની
(Email : bhadrayu2@gmail.com)

'આ નૂરવિહોણી દુનિયામાં મેં એક જ નૂર સદા દીઠું, એક પંખી ટહુકી ઊઠ્યું તો લાગ્યું કે તું નારાજ નથી.'

સાંઈ મકરંદ દવેની આ અનુભૂતિને ઝીલવાનું કામ સહજતાથી આજે પણ થઈ રહ્યું છે, એક પ્રશાંત સ્થાનકે ! લગભગ ત્રીસેક વર્ષો પહેલા ધરમપુર પાસેના વાંકલ ગામે 'નંદિગ્રામ'નું અંકૂર ફૂટ્યું. અધ્યાત્મના મર્મી સાંઈ મકરંદ અને 'પરમ સમીપે'ના સર્જક કુન્દનિકા કાપડિયાએ નંદિગ્રામમાં પલાંઠી લગાવી 'નંદિગ્રામ'ને પ્રેરણા-ઉપાસના-ધ્યાન-મૌનનું કેન્દ્ર બનાવ્યું. મારે વાત નંદિગ્રામની નથી કરવી, પણ ત્યાં અનૌપચારિક સત્સંગમાંથી ઊઠતા દિવ્ય સ્પંદનોની વાત માંડવી છે.

સાંઈ મકરંદની ચેતના પાસે બેસીને મૃદુ કંઠે ઈશગાન કરતાં ઈશા કુન્દનિકા સાથે ગોષ્ઠિ કરવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું. હળવાફૂલ શબ્દોમાં મર્મ ઝરતો હતો અને એવો અહેસાસ થતો હતો કે કોઈ શબરી હજી રામની પ્રતીક્ષામાં સસ્મિત અહીં શ્વસે છે. એકાણું વર્ષે ઈશા કુન્દનિકાની કુતૂહલવશ વાણીમાંથી પ્રશ્ન થયો, 'અવતાર પુરુષ સદાકાળ યુવાન શા માટે !' ભાઈ, એવું નથી લાગતું કે આજની પેઢીને રામાયણ અને મહાભારત માટે ઘણા પ્રશ્નો છે, પણ આપણી પાસે તેઓનાં ગળે ઊતરે એવા ઉત્તરો નથી ? કેમ આપણાં ભગવાન ક્યારેય વૃદ્ધ જ નથી થતાં ? કેમ શ્રીરામ હરપળ તરોતાજા લાગે છે ? કેમ શ્રી રામ સીતાજીને છોડાવવા મથે ત્યાવ્યા વ્યગ્ર કે વ્યાકુળ કે તનાવગ્રસ્ત નથી લાગતા ? શ્રીરામ કેમ હરહમેશ મૃદુ કંઠે જ વદે છે ? આ અવતાર પુરુષને શું કોઈ વરદાન હશે કે પછી...? અને હા, ભગવાન પણ બનનારી ઘટના કે દુર્ઘટનાથી વાકેફ નથી હોતા શું ? ખરેખર શ્રી રામ જેવા રામ વનવાસથી આગલી રાત્રે સાવ અજાણ્યા હોય ? રાજ્યાભિષેક થવાનો હોય તો તેની તૈયારીરૂપે ભરત સરીખા લાડલા ભાઈને કેમ અગાઉથી તેડાવી ન લીધા ? ત્રણેય લોકના સ્વામીને પોતાનાં જીવનની કાલ વિષે કંઈ ખબર ન હોય એવું કેમ ચાલે ?

'શ્રી રામજીકી લીલા હૈ ન્યારી' એવું કહીને ગોષ્ઠી તો પૂર્ણ થઈ, કારણ સૂર્યાસ્ત થતો હતો ને નંદિગ્રામ સંધ્યાની આરત માટે આતુર હતું, પણ મનનો કબજો આ પ્રશ્નોપનિષદે લઈ લીધો હતો ! જવાબ મળવાનો ન હતો, જવાબો શોધવાના હતા. ક્યાંય લિખિત ઉત્તરો નથી, પણ હૃદયધરા પર અંકાયેલા હશે. કદાચ મનને પરેશાન કરતા આ સાપોલિયાંને હૃદયનાં દ્વારે લાવવાનાં હતાં. આમ પણ, જ્યાં બુદ્ધિ હારી જાય ત્યાં જ હૃદય જીતી જતું હોય છે. હૃદયે જે કહ્યું તે આવું કશુંક હતું: અવતાર પુરુષ એક પુણ્યશ્લોક અવસ્થા છે. તે કોઈ પણ પ્રશ્નથી પર છે, તે જ રીતે તે કોઈ પણ અસરથી પણ મુક્ત છે. તેની અસર થાય છે, પણ તેને અસર થતી નથી, કદાચ તેથી તો તે સદાકાળ યુવાન છે. બાળસ્વરૂપ છે, પૂર્ણસ્વરૂપ છે પણ વૃદ્ધ સ્વરૂપ ક્યાંય નથી! આ જ તો લીલા છે, આ જ તો તફાવત છે સામાન્ય માણસ અને પૂર્ણાવતાર વચ્ચેનો ! તેનું મુખ, તેની કાયા, તેની લીલા મને-તમને સ્પર્શે પણ એમને કશું જ ન સ્પર્શે, તેથી તો તે ક્યારેય વૃદ્ધ ન થાય.

કદાચ શ્રી ભગવાનને આપણી ચિંતા હશે. ભગવાનને દર્દીલો વૃદ્ધ ભાળશે તો પ્યારા ભક્ત પર શી વીતશે ? મારો ભક્ત મને તરોતાજા જોઈને જીવનમાં દોડ્યો જાય છે, તે મને અશક્ત ભાળશે તો તેને ધ્રાસ્કો પડશે, તે નહીં સહી શકે અને તે જીવનની દોડમાં પાછો પડશે, આવું શ્રી રામે વિચારીને ચીરકાળ યૌવન ધારણ કરી રાખ્યું હશે !! તેથી તો શ્રી ભગવાન પ્રતિ વર્ષ પ્રગટે છે. મને ને તમને યાદ અપાવવા કે લ્યો, ફરી આવી ગયો, તમને ગમી જાય તેવું નિર્દોષ બાળરૂપ લઈને ! હવે તો સ્મિતમય બનો, હવે તો ઉત્સવમય બનો, હવે તો નાચો-કૂદો, હવે તો ફરી જીવંત બની રહો. શ્રીરામનો સંદેશ સ્પષ્ટ છે : જે જીવંત છે તે જ જીવતો છે. જે શ્વાસ લે છે કે જે ઉચ્છ્વાસ ત્યજે છે તે નહીં, પણ જે આ શ્વાસ અને ઉચ્છ્વાસની વચ્ચેનાં વિશ્વને પામે છે તે જ મારો સાચુકલો ભક્ત છે. જેને પ્રશ્નો થાય છે તે જ જ્ઞાન પામે છે. પ્રશ્નો કે વિસ્મય કે શંકા બંધ એટલે જ્ઞાનના દરવાજા બંધ. માનવને જ્ઞાનના દરવાજે સતત ટકોરા મારતો રાખવા પણ શ્રીરામ પ્રતિ વર્ષે અવતરે છે અને પ્રતિપળ યુવાન રહે છે. જેમની લીલા ન સમજાય કે ન પમાય તે જ ભગવાન હશે ને ???!!

પુષ્પદોલોત્સવ

તા. ૧૩ માર્ચ, ધુળેટીના પવિત્ર દિવસે પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા સદ્‌ગુરુ સંતોના દિવ્ય સાનિધ્યમાં પુષ્પદોલોત્સવની ભવ્યતાપૂર્ણ ઉજવણી કરવામાં આવી. ઉત્સવના પ્રારંભમાં અનેકવિધ પુષ્પોથી સિંહાસનમાં પુષ્પના શણગાર ધારણ કરીને બિરાજમાન રાજાધિરાજ શ્રી ઘનશ્યામ મહારાજનો વૈદિકવિધિ સભર પુષ્પાભિષેક કરવામાં આવ્યો. ફગવા અર્પણ કરીને શ્રીઘનશ્યામ મહારાજનું સવિશેષ પૂજન કરવામાં આવ્યું. સાત્વિક રંગો તથા કેસુડાના જળ તથા પુષ્પપાંખડીનો હીંડોળામાં બિરાજીત ઠાકોરજી ઉપર અભિષેક કરી ધૂળેટી ઉજવી હતી. આ રોજ દિવસે ભગવાન શ્રી નરનારાયણદેવ પ્રાગટ્યોત્સવ હોવાથી પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ ભગવાન શ્રી નરનારાયણ દેવ અને ભારતીય ઉત્સવ પરંપરાનો મહિમા જણાવ્યો હતો. તથા પૂજ્ય પુરાણી સ્વામી તથા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીના આશીર્વાદ બાદ સંકીર્તન અને નૃત્યના ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સદ્‌ગુરુ સંતોના દિવ્ય સાનિધ્યમાં પ્રસાદિની પુષ્પ પાંખડીઓ, સાત્વિક રંગો અને કેસુડાના જળ વડે દિવ્ય રંગોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

પ્રથમ વાર્ષિકોત્સ, દ્રોણેશ્વર ગુરુકુલ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર, આર.ડી. વરસાણી કન્યા તથા કુમાર વિદ્યાલય દ્વારા તારીખ ૧૯-૨૦ ફેબ્રુઆરી દરમિયાન પ્રથમ વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય ભંડારી શ્રી હરિકૃષ્ણદસાજી સ્વામી તથા સંતોના સાનિધ્યમાં યોજાયેલ આ વાર્ષિકોત્સવમાં બાળકોની સર્જનશક્તિમાં વૃદ્ધિ થાય તેવા પ્રયત્નો કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે દીકરી વહાલનો દરિયો, પર્યાવરણ જાગૃતિ, ખેતીવાડી સંબંધિત, આહાર જાગૃતિ, સરકારી યોજનાઓ વગેરે વિષયો ઉપર વિશાળ પ્રદર્શનનું આયોજન કરવામાં આયું હતું. આ ઉપરાંત વિવિધ વિષયોને આવરી લેતા પ્રેરણાદાયી નાટકો, નૃત્યો, સંવાદો વગેરે દીકરા-દીકરીઓ પ્રસ્તુત કર્યા હતા. તેમજ સમગ્ર વર્ષ દરમિયાન શાળામાં થયેલ વિવિધ પ્રવૃત્તિ તથા વિદ્યાર્થીઓએ મેળવેલી સફળતાઓને વાલીઓ સમક્ષ રજુ કરી શ્રેષ્ઠ વિર્દ્યાઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે પૂજ્ય સંતોએ ઉપસ્થિત વિદ્યાર્થીઓ તથા વાલીઓને નિર્વ્યસની તેમજ સંસ્કારયુક્ત જીવન જીવવાની પ્રેરણા પૂરી પાડી હતી તથા સ્કુલના આચાર્ય તેમજ શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર - સવાના, જ્યોર્જીયા (અમેરીકા) ખાતે ઉજવાયા વિવિધ મહોત્સવો

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) દ્વારા પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની અધ્યક્ષતામાં ચાલી રહેલા શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર - સવાના, જ્યોર્જીયા (અમેરીકા) ખાતે ભારતીય સંસ્કૃતિના પોષણ-પ્રવર્તનનું કાર્ય ચાલી રહ્યું છે. હાલમાં પૂજ્ય શાસ્ત્રી શ્રી ભક્તિવેદાંતદાસજી સ્વામી તથા પૂજ્ય શાસ્ત્રી શ્રી કુંજવિહારીદાસજી સ્વામી સત્સંગ પ્રચાર-પ્રસારનું કાર્ય કરી રહ્યા છે. છેલ્લ બે મહિનામાં અનેક મહામહોત્સવો ઉજવાઇ ગયા, જેનો ટૂંકો અહેવાલ અત્રે પ્રસ્તુત છે.

શાકોત્સવ :- ૧૮ ફેબ્રુઆરી, શનિવારના રોજ ભવ્ય શાકોત્સવનું આયોજન થયું હતું. શાકોત્સવના શુભારંભમાં વૈદિક મંત્રો દ્વારા મંદિરમાં બિરાજમાન દેવોનું વૈદિક પૂજન કર્યું હતું. આ પ્રસંગે પૂજ્ય ભક્તિવેદાંતદાસજી સ્વામીએ ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય ભક્તરાજ સુરાખાચરના જીવન સાથે જોડાયેલી શાકોત્સવની કથા વર્ણવી હતી અને ભગવાનના સાનિધ્યમાં જ ભક્તજનો માટે શાકનો વઘાર લેવામાં આવ્યો હતો. આ પ્રસંગે પધારેલો વિશાળ ભક્ત સમુદાય શાકોત્સવનું દર્શન, સત્સંગ અને શાકોત્સવનો પ્રસાદ ગ્રહણ કરીને ખૂબ જ પ્રસન્ન થયો હતો.

શિવરાત્રી મહોત્સવ :- શિવરાત્રિના પવિત્ર દિવસે સૌ ભક્તજનોને ભગવાન ભોળાનાથના પૂજનનો સવિશેષ લાભ પ્રાપ્ત થાય તેવા હેતુથી મંદિરના સિંહાસનમાં બિરાજમાન શિવ પરિવાર ઉપરાંત મંચના આગળના ભાગમાં શિવલીંગ સ્વરૂપે ભગવાન શંકર બિરાજીત થયા હતા. ભગવાન ભોળાનાથની પૂજા કરવા માટે વહેલી સવારથી માંડીને મોડી સાંજ સુધી ભક્તજનોએ ખૂબ જ ભક્તિભાવ પૂર્વક અનેરો લાભ લીધો હતો. શિવરાત્રિના પવિત્ર દિવસે ઢળતી સંધ્યાએ વિશાળ સંખ્યામાં ભક્તજનો સનાતન મંદિરમાં એકત્રિત થયા હતા. જેમણે વૈદિક વિધી અનુસાર શિવ પૂજનનો અલૌકિક લાભ લીધો

હતો. પૂજ્ય કુંજવિહારીદાસજી સ્વામીએ વૈદિક મંત્રોચ્ચાર તથા શિવ સ્તોત્રનું ગાન કરીને પૂજા વિધી સંપન્ન કરાવી હતી તથા પૂજ્ય ભક્તિવેદાંતદાસજી સ્વામીએ શિવ પુરાણ અંતર્ગત શિવકથાનું શ્રવણ કરાવ્યું હતું.

શિવ મહાપુરાણની કથા :- સનાતન મંદિરનો આરંભ થયા બાદ આવેલી પ્રથમ મહા શિવરાત્રિ પ્રસંગે પૂજ્ય શાસ્ત્રી ભક્તિવેદાંતદાસજી સ્વામીએ વ્યાસાસને બિરાજીને શિવ મહાપુરાણની કથાનું રસપાન કરાવ્યું હતું. તા. ૨૪ ફેબ્રુઆરી, શિવરાત્રિના રોજ આરંભાયેલી આ ત્રિદિનાત્મક કથામાં ખૂબ જ મોટી સંખ્યામાં ભક્તજનોએ શિવપૂજન તથા કથાશ્રવણનો લાભ લીધો હતો. તા. ૨૬ ફેબ્રુઆરીના રોજ જ્યારે કથાની પૂર્ણાહુતિ થઈ રહી હતી ત્યારે પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીના મંગલ આશીર્વાદ પામીને સૌ ભક્તજનો ખૂબ જ પ્રસન્ન થયા હતા. આ મંગલકારી કથા દરમિયાન મંદિરના ઉત્સાહી સ્વયંસેવક ભાઈ-બહેનોએ ખૂબ જ ભક્તિસભર પ્રેમભાવથી સૌ ભક્તજનોને ભોજનરૂપી પ્રસાદ જમાડીને તૃપ્ત કર્યા હતા.

હોળી-ધૂળેટી મહોત્સવ :- તારીખ ૧૧ માર્ચ, શનિવારના રોજ હોળીનો ઉત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. સાંજે ૫:૩૦ કલાકે સનાતન મંદિરમાં વિશાળ સંખ્યામાં એકત્રિત થયેલા ભક્તજનોએ સમુહમાં હનુમાન ચાલીસાનો પાઠ કરી હનુમાનજી તથા મંદિરમાં બિરાજમાન દેવોની સંધ્યા આરતી સમુહમાં કરી હતી. આ પ્રસંગે પૂજ્ય ભક્તિવેદાંતદાસજી સ્વામીએ ઉપસ્થિત ભક્તજનોને હોળીના ઉત્સવની ઉજવણીમાં રહેલી પ્રહ્લાદજીની ઐતિહાસિક કથાનું શ્રવણ કરાવી મહિમા સમજાવ્યો હતો. હોળીના મહત્ત્વનું શ્રવણ કર્યા બાદ બધા જ ભક્તજનો હોલીકા દહન માટે પધાર્યા હતા. હોલીકા દહન પૂર્વે વૈદિક વિધિથી ભગવાન અગ્નિનારાયણનું પૂજન થયા બાદ જ્યારે હોલીકા દહનનો વિધી થયો ત્યારે ભગવાન નૃસિંહનારાયણ અને અગ્નિનારાયણના જયનાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. હોલીકા દહનની પૂર્વ તૈયારી પૂજ્ય કુંજવિહારીદાસજી સ્વામી તથા મંદિરમાં સેવા કરનારા સ્વયંસેવક ભાઈ-બહેનોએ ખૂબ જ ઉત્સાહથી કરી હતી. આજ રોજ સવાના, બ્રુન્સવીક, પુલર, હાર્ડિવીલ, કિંગ્સલેન્ડ, હિન્સવીલે, સ્ટેટબોરો, રીચમન્ડ હિલ, રીન્કોન, ટીફટોન, અગસ્ટા વગેરે વિવિધ વિસ્તારોમાંથી ભાવિક ભક્તજનો હોળીનો ઉત્સવ ઉજવવા માટે એકત્રિત થયા હતા.

બીજા દિવસે ધૂળેટીના પવિત્ર દિવસે ભરતખંડના મહારાજા ભગવાન નરનારાયણદેવના પ્રાગટ્યોત્સવ નિમિત્તે ભગવાનને પુષ્પોથી શણગારેલા પારણિયામાં બિરાજમાન કરીને વૈદિક મંત્રગાન સાથે વિવિધ પ્રકારના પુષ્પોથી પૂજન કરવામાં આવ્યું. આ પ્રસંગે પુષ્પદોલોત્સવ તથા રંગોત્સવનો આનંદ માણવા માટે પધારેલા આબાલ-વૃદ્ધ સૌ કોઈએ ખૂબ જ આનંદ માણ્યો હતો. ભગવાનનું પૂજન કર્યા બાદ રંગોત્સવને અનુરૂપ ભગવાનના પ્રસાદીના પુષ્પો, ગુલાલાદિક સાત્વિક રંગો, કલર યુક્ત પાણી વગેરેથી સૌએ એકબીજાને પરસ્પર ભીંજવ્યા હતા.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અમદાવાદ આયોજીત

શિબિરના ફોર્મ માટે ઓફિસનો સંપર્ક કરવા વિનંતી...

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર - અમદાવાદમાં

ધોરણ ૯ માં પ્રવેશ અંગે

શિક્ષણ સાથે સંસ્કાર અને સર્વાંગી વિકાસ માટે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલયમાં ધોરણ ૯ માં પ્રવેશ મેળવવા માટે પ્રવેશફોર્મ તા. ૨૦/૩/૧૭ ને સોમવારથી સંસ્થાના કાર્યાલયમાંથી પ્રાપ્ત થશે. ધોરણ ૯ માં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે પ્રવેશ પરીક્ષાનો પ્રથમ રાઉન્ડ તા. ૨/૪/૧૭, રવિવારનાં રોજ સવારે ૯ થી ૧૨ દરમિયાન લેવાશે. તેમજ પ્રવેશ માટે બાકી રહેલા વિદ્યાર્થીઓ માટે પ્રવેશ પરીક્ષાનો બીજો રાઉન્ડ તા.૩૦/૪/૧૭, રવિવારનાં રોજ સવારે ૯ થી ૧૨ દરમિયાન લેવાશે. જેના પરિણામને આધારે વિદ્યાર્થીના પ્રવેશનો નિર્ણય એજ દિવસે કરવામાં આવશે. આ પરીક્ષા ધોરણ-૮ ના ગણિત (૧૫ માર્ક્સ), વિજ્ઞાન (૧૫ માર્ક્સ), અંગ્રેજી (૧૫ માર્ક્સ) તેમજ ગુજરાતી (૫:માર્ક્સ) વિષયને આધારે કુલ ૫૦ માર્ક્સનું પેપર લેવામાં આવશે. પ્રવેશ પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીએ પ્રવેશફોર્મની સંપૂર્ણ માહિતી ભરી સાથે લાવવું. જેમાં પાસપોર્ટ સાઈઝનો નવો ફોટો લગાવવો જરૂરી છે. જો પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા પ્રથમ રાઉન્ડમાં જ પૂર્ણ થઈ જશે તો પ્રવેશ પરીક્ષાનો બીજો રાઉન્ડ લેવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેશો. પ્રવેશ અંગેની જાણકારી માટે આચાર્ય શ્રી સુર્યકાંતભાઈનો સંપર્ક કરવો.

મો.નં. : ૯૯૦૯૦ ૪૪૮૮૧, છાત્રાલય ઓફિસ : (૦૭૯) ૨૭૯૧૨૫૯૫ (સમય : સાંજે ૪ થી ૬)

બેસ્ટ સ્ટુડન્ટ એવોર્ડ

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી અનાદિમુક્ત નારાયણમામાની પવિત્ર સ્મૃતિમાં દરવર્ષે દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલય દ્વારા બેસ્ટ સ્ટુડન્ટ એવોર્ડ આપવામાં આવે છે. આ વર્ષે પરમ પૂજ્ય સ્વામીજીના પવિત્ર સાનિધ્યમાં આ એવોર્ડ દર્શનમ્માં શાસ્ત્રી બીજા વર્ષમાં અભ્યાસ કરતા જૈમિન જયેશભાઈ દવેને આપવામાં આવ્યો હતો. આ એવોર્ડ અમેરિકા નિવાસી યુનુસભાઈ શેખ તરફથી આપવામાં આવે છે.

ગુરુકુલમાં રસોઇ

છારોડી ગુરુકુલ

પ.ભ. શ્રી નવીનચંદ્ર મોહનલાલ વ્યાસ, મેઘપુર
પ.ભ. શ્રી સ્વામી દયાળ ગજરાજસિંહ યાદવ, અમદાવાદ
પ.ભ શ્રી જતીનભાઈ રાજેન્દ્રકુમાર અમિન, અમદાવાદ
પ.ભ. શ્રી કરશનભાઈ તેજાભાઈ રાઘવાણી, બળદીયા
પ.ભ. શ્રી રવિન્દ્રાંજલી ત્રિવેદી, કેનેડા
પ.ભ. શ્રી જયદેનભાઈ સવજીભાઈ કાનાણી, અમદાવાદ
પ.ભ. શ્રી મહાદેવભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી કેતનભાઈ ભૂપતભાઈ મકાણી, લંડન
પ.ભ. શ્રી નરેશભાઈ દેવશીભાઈ ચૌહાણ, અમદાવાદ

અમદાવાદ ગુરુકુલ

પ.ભ. શ્રી આર્કોટ વિજયકુમાર, અમેરિકા
પ.ભ. શ્રી ભાવિન રમેશચંદ્ર પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી સંજયભાઈ પાઘડાળ, અમદાવાદ
પ.ભ શ્રી પરેશભાઈ નરસિંહભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી સંજયભાઈ વેલજીભાઈ કથીરીયા, સુરત
પ.ભ. શ્રી ઘનશ્યામભાઈ સુખડીયા, અમદાવાદ
પ.ભ. શ્રી ચંદ્રેશભાઈ કસવાળા, અમદાવાદ
પ.ભ.શ્રી રવિભાઈ તથા પ્રકાશભાઈ રાઘવાણી, અમદાવાદ
પ.ભ. શ્રી વિનુભાઈ મણીભાઈ ચૌધરી, અમદાવાદ
પ.ભ. શ્રી ડૉ. દર્શનભાઈ દરજી, અમદાવાદ

શ્રદ્ધા સુમન

પૂજ્ય સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી ભગવતચરણદાસજી સ્વામી - જામજોધપુર :- ગરવી ગુણાતીત પરંપરાના પુરાણી સ્વામી ગોપીનાથદાસજી સ્વામીની જોકમાં ઉછરીને મોટા થયેલા, નિરાળા, નિખાલસ અને હેતાળ સંત પરમ પૂજ્ય સદ્‌ગુરુ ભગવતચરણદાસજી સ્વામી ૧૦ માર્ચના રોજ અક્ષરધામ સિધાવ્યા છે. સમગ્ર જુનાગઢ દેશના સંતો-ભક્તોની સર્વ પ્રકારે સંભાળ રાખનારા અને ગુરુકુલ તથા ગુરુકુલના સંતો સાથે અતિ આત્મીયતાથી જોડાયેલા પૂજ્ય સ્વામીના અક્ષરવાસથી સમગ્ર સત્સંગ ગહેરા શોકની લાગણી અનુભવે છે. પૂજ્ય સ્વામીની પડછંદ અને હાસ્યભરી વાણી સહુના હૃદયમાં કાયમી અંકાયેલી રહેશે. દેવ, મંદિર, આચાર્ય, શાસ્ત્ર અને સંતો પ્રત્યેની એમની નિષ્ઠા જેવી નિષ્ઠા આપણા સહુમાં આવે અને પૂજ્ય સ્વામીના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે, પૂજ્ય સ્વામીના મંડળના પૂજ્ય રાધારમણદાસજી સ્વામી, પૂજ્ય જગતપ્રકાશદાસજી સ્વામી તથા સર્વ સંતો-ભક્તોને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

પૂજ્ય સદ્‌ગુરુ શ્રી નરનારાયણદાસજી સ્વામી - જૂનાગઢ :- જૂનાગઢ મંદિરના વડીલ સંત શ્રી નરનારાયણદાસજી સ્વામી ૧૨ ફેબ્રુઆરીના રોજ અક્ષરધામ સિધાવ્યા છે. પૂજ્ય સ્વામીએ રાજકોટ મંદિરના દેવોની સેવા ખૂબ જ નિષ્ઠાની વર્ષો સુધી કરી હતી. પૂજ્ય દેવનંદનદાસજી સ્વામીના ગુરુભાઈ તથા જૂનાગઢના ભજનીક સંત પૂજ્ય સ્વામીના અક્ષરવાસથી સત્સંગને મોટી ખોટ પડી છે. પૂજ્ય સ્વામીના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે, પૂજ્ય સ્વામીના મંડળના પૂજ્ય પુરુષોત્તમપ્રકાશદાસજી સ્વામી તથા સર્વ સંતો-ભક્તોને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

અ.નિ. શ્રી ભાણાભાઇ જશાભાઇ ટાંચક:- ગામ કંસારી નિવાસી તથા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પૂજ્ય પુરાણી સ્વામી વગેરે સદ્‌ગુરુ સંતોના અતિ કૃપાપાત્ર પ.ભ. શ્રી ભાણાભગત ૮૮ વર્ષની ઉંમરે ૨૫ ફેબ્રુઆરીના રોજ ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભાણાભગત એટલે સેવા અને મહિમાની સાક્ષાત મૂર્તિ. એમણે કરેલી સેવા-ભજનના પ્રતાપે ભગવાન શ્રીહરિ અંત સમયે દર્શન આપી ધામમાં તેડી ગયા. જેની જાણ પૂરાએ પરિવારને આગાઉથી કરી અને સત્સંગ રાખવાની શીખામણ પણ આપી. આવા મહાન ભક્ત મહારાજનું અખંડ સુખ પ્રાપ્ત કરે તથા તેમના પરિવારજનો શ્રી પરેશભાઈ, ધીરુભાઈ, વાલજીભાઈ વગેરેને ધીરજ અર્પે તેવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના.

અ.નિ. શ્રી બટુકભાઇ મુળજીભાઇ પટેલ :- ગામ મોરબી નિવાસી તથા ગુરુકુલ જોડાયેલા શ્રી બટુકભાઈ પટેલ હરિસ્મરણ કરતા ૮૫ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. સદ્‌ગુરુ સંતોના કૃપાપાત્ર બટુકભાઈના આત્માને મહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે તથા તેઓના પરિવારજનો ગં.સ્વ. ગુલાબબેન, અમરીશભાઈ, મનોજભાઈ, ગીરીશભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી બલવંતરાય જટાશંકર ભટ્ટ :- કપડવંજ નિવાસી પ.ભ. શ્રી બળવંતરાય ભટ્ટ ૧૩ માર્ચના રોજ ૭૫ વર્ષની ઉંમરે ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ તથા ગુરુકુલ સાથે હેતવાળો આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે. ભગવાન શ્રીહરિ બળવંતરાયના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા આશીષભાઈ, દેવર્ષીભાઈ, જયંતિભાઈ, જસવંતભાઈ, દેવાનંદભાઈ, સનાથભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી મૂળજીભાઇ કેશાભાઇ ડાભી :- રાજકોટ નિવાસી તથા ગુરુકુલ સાથે વર્ષોથી જોડાયેલા પ.ભ. શ્રી મૂળજીભાઈ ડાભી ૨ ફેબ્રુઆરીના રોજ ૯૫ વર્ષની ઉંમરે ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. મૂળજીભાઈએ પૂજ્ય માનત સ્વામી તથા પૂજ્ય જોગી સ્વામીના યોગમાં આવીને ખૂબ સેવાઓ કરી હતી. ભજન-સ્મરણ-સેવા અને સંતોને વિશે અનન્ય હેતવાળા મૂળજીભાઈના આત્માને મહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે તથા અમૃતલાલ, હરિલાલ, ઘનશ્યામભાઈ, કાનજીભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી કેશવલાલ ઘનજીભાઇ ગઢિયા :- ગામ અખિયાણા નિવાસી પ.ભ. શ્રી કેશવલાલભાઈ ગઢિયા ૯૦ વર્ષની ઉંમરે તારીખ ૧ ફેબ્રુઆરીના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર વર્ષોથી ગુરુકુલ સાથે જોડાઈ સેવા-ભજન કરી રહ્યો છે. ભગવાન શ્રીહરિ કેશવલાલભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા મહાદેવભાઈ, વાસુદેવભાઈ, પ્રમોદભાઈ, જીગ્નેશભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ધનાભાઇ રામભાઇ કીડેચા :- ગામ ધોકડવા નિવાસી તથા ભગવાન શ્રી સ્વામિનારાયણના દૃઢ આશ્રિત એવા ધનાભાઈ તારીખ ૧, માર્ચના રોજ ૮૮ વર્ષની ઉંમરે ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. આ પરિવારની ગુરુકુલની સેવાપ્રવૃત્તિઓમાં ખૂબ મોટુ યોગદાન રહેલું છે. ધનાભાઈના આત્માને મહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે તથા મગનભાઈ, બિપિનભાઈ, જયંતીભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી શોભનાબેન હસમુખભાઇ આણદાણી :- ગામ ઈંટવાયા નિવાસી શોભનાબેન આણદાણી ૫૦ વર્ષની ઉંમરે શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાનમાં અતિ હેતવાળા શોભનાબેનના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા હસમુખભાઈ, રવી વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

આગામી આયોજન

તા. ૨/૪/૧૭, રવિવાર : **સુહૃદસભા :** સાંજે ૫:૩૦ કલાકે, છારોડી ગુરુકુલ.

તા. ૪ થી ૧૧/૪/૧૭ : **રામાયણ કથા:** વક્તા : પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પૂજ્ય પુરાણી માધવજીવનદાસજી સ્વામી, સ્થળ : શ્રી કેદારેશ્વર મહાદેવ, ફાટસર

તા. ૫/૪/૧૭, બુધવાર : **રામ નવમી-શ્રીહરિ જયંતી:** શ્રી નિલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન, સવારે ૯:૩૦ કલાકે, શ્રીરામ ભગવાન પ્રાગટ્યોત્સવ બપોરે ૧૧:૩૦ કલાકે, શ્રીઘનશ્યામ મહારાજ પ્રાગટ્યોત્સવ રાત્રે ૮:૩૦ કલાકે, મેમનગર

તા. ૭/૪/૧૭, શુક્રવાર : **કામદા એકાદશી:** કીર્તનભક્તિ, સાંજે ૮ : ૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ.

તા. ૧૧/૪/૧૭, મંગળવાર : **હનુમાન જયંતી:** હનુમાનજી પૂજન, સાંજે ૫ : ૦૦ કલાકે, છારોડી ગુરુકુલ.

તા. ૨૩/૪/૧૭, શનિવાર : **વરૂથિની એકાદશી :** રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ

SGVP GURUKUL

SHREE SWAMINARAYAN SANATAN TEMPLE

(Yoga, Education and Cultural Center)

Savannah, GA - USA

SHAKOTSAV

SIVPURAN KATHA



Happy Holi



HOLIKA DAHAN

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2016-2018
Valid Upto 31-12-2018 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. CPMG/GJ/112/2016-2018 valid upto 31-12-2018. Date of Publication is 25th of every month.

સદ્‌ગુરુ સંતોના સાનિધ્યમાં ઉજવાયો
ભવ્ય પુષ્પદોલોત્સવ, અમદાવાદ ગુરુકુલ

રામાનુજાચાર્યની ૧૦૦૦મી જન્મજયંતી પ્રસંગે મેલકોટથી
નિકળેલી યાત્રાનું અમદાવાદ ગુરુકુલ ખાતે સ્વાગત

શિવરાત્રી મહોત્સવ પ્રસંગે શિવજીનું પૂજન કરતા
પૂજ્ય સદ્‌ગુરુ સંતો, અમદાવાદ ગુરુકુલ

૫૦૧ કુંડી મહાયજ્ઞ પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી
તથા વિવિધ ધર્માચાર્યો, હરિદ્વાર

પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામીના અસ્થિવિસર્જન કરતા
પૂજ્ય સ્વામીજી, ઋષિકેશ